*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૪૧

## ❀ હે વિચારવંત મુમુક્ષુ ! ❀

દુઃખથી ભરેલા આ સંસારમાં જો તું સુખને ચાહે છે તો ચૈતન્યસુખથી ભરેલા આત્માની પરમ પ્રીતિ કરીને તેમાં તારી બુદ્ધિને જોડ; તેમાં તને એવું અજોડ સુખ અનુભવાશે કે જેમાં દુઃખનો લવલેશ નથી.

અહા, આવો સરસ મજાનો, સુખથી ભરેલો આત્મા !–આ સુખના સમુદ્રને છોડીને દુઃખના દરિયા તરફ તું કેમ દોડે છે ? અંતરમાં તારા ચૈતન્યસ્વરૂપને દેખ. એક ક્ષણના ચૈતન્યધ્યાનમાં જે કોઈ અપૂર્વ પરમ આનંદ થાય છે તેનો એક અંશ પણ ત્રણલોકના વૈભવમાં નથી.

એકવાર અંદર ઊતરીને જો તો ખરો ! સંસારમાં તેં કદી ન જોયું હોય, કદી ન ચાખ્યું હોય એવું કોઈ અચિંત્ય સુખ તને તારામાં અનુભવાશે.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૮, ફાગણ ( લવાજમ: ચાર રૂપિયા ) વર્ષ ૨૯ : અંક ૫

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

## તારા પગલે-પગલે નાથ !
## ઝરે છે આતમરસની ધાર



ધન્ય છે આપણી ભારતભૂમિ...કે જ્યાં તીર્થંકર ભગવંતો વિચર્યા; અને આજે પણ એ તીર્થંકર ભગવંતોનો પવિત્ર સંદેશ આત્મજ્ઞ-સંતો દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. ગુરુ કહાનના પ્રતાપે દેશોદેશ ને ગામેગામ આજે આત્મહિતનો સંદેશ પહોંચી રહ્યો છે. વહાલા બંધુઓ ! મહા ભાગ્યે મળેલા આત્મહિતના આ માર્ગને ચૈતન્યના પરમ ગંભીર મહિમાપૂર્વક સાંભળજો...આદરજો...અનુભવજો.

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મ ધર્મ
આત્માર્થીતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૮ ફાગણ FEB. 1972

વર્ષ : ૨૯ અંક ૫

## આત્મ સાધના–

હે ધર્મબંધુ ! આ અવસર છે આત્માને સાધવાનો.

**અત્યારે દુનિયાની કોઈ ખટપટમાં તું રોકાઈશ નહીં; તારા આત્માને સાધવાનું લક્ષ તું ચૂકીશ નહીં.**

**આત્મતત્ત્વ ઘણું-ઘણું મહાન છે. આવા મહાન આત્મતત્ત્વને લક્ષગત કરવું તે જ મહાપુરુષની સેવા છે.**

તારા ચૈતન્યની મહાનતાને તું લક્ષમાં લઈશ, તો દુનિયાના કોઈ પ્રસંગો તને મુંઝવશે નહીં. અરે, ચૈતન્યની આવી મહાનતાને ચુકીને જગતના નાના–નાના પ્રસંગોના વિચાર–વમળમાં અટવાઈ જવાનું મુમુક્ષુને શોભતું નથી.

આત્માને સાધવાના મહાન પ્રયોજન પાસે જગતના માન કે અપમાન, નિંદા કે પ્રશંસા, અનુકૂળતા કે પ્રતિકૂળતા એ કોઈની કાંઈ જ ગણતરી નથી આનંદમય આત્માને સાધવા જગત સામે જોવા ક્યાં રોકાવું ? મુમુક્ષુને પોતાની આત્મસાધનામાં એવો પ્રેમ, એવો ઉલ્લાસ, એવી શાંતિ, ને એવી મશગુલતા છે કે એના સિવાય બીજી કોઈ વાતમાં અટકવાનું તેને પોષાતું નથી.

# ચૈતન્યરાજાની સેવા કરો

**તમે પોતે ચૈતન્યરાજા છો. ચૈતન્યરાજા રાગની સેવા કરે એ તેને શોભતું નથી.**

(સોનગઢમાં મહા વદ ત્રીજના રોજ જામનગરના શ્રી છબલબેન ફૂલચંદ તંબોળીના નવા મકાનના વાસ્તુપ્રસંગે પૂ. ગુરુદેવનું મંગલ–પ્રવચન)

હે ભાઈ! અનંતગુણનો વૈભવ જેમાં વસેલો છે એવી ચૈતન્યવસ્તુ તું પોતે છો. અરે ચૈતન્યરાજા! તારા અચિંત્ય વૈભવને તેં કદી જાણ્યો નથી, તારા સ્વઘરમાં તેં વાસ કર્યો નથી; સ્વઘરને ભૂલી, રાગને પોતાનું ઘર માનીને તેમાં તું વસ્યો છો; પણ શ્રીગુરુ તને સ્વઘરમાં વાસ્તુ કરાવે છે કે હે જીવ! તું તારા આત્માને ચૈતન્યસ્વરૂપ જાણીને તેની સેવા કર. તેનાથી તારું કલ્યાણ થશે. અહા, સ્વઘરમાં આવવાનો ઉમંગ કોને ન આવે? **(સમયસાર ગાથા ૧૭-૧૮)**

વીતરાગદેવના માર્ગમાં એવો ઉપદેશ છે કે: હે મોક્ષાર્થી જીવો! જો તમારે જન્મ–મરણના દુઃખથી મુક્ત થવું હોય ને આત્માનું પરમસુખ અનુભવવું હોય તો, જગતમાં મહાન એવું તારું ચૈતન્યતત્ત્વ છે–તે જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ છે,–તેને લક્ષમાં લઈને તેના જ્ઞાન–શ્રદ્ધા–એકાગ્રતાવડે તેની સેવા કર. એટલે કે તારો મહાન આત્મા ચૈતન્યરાજા છે તેની તું સેવા કર. તેની સેવા કેમ થાય? કે રાગથી ભિન્ન એવી જે ચૈતન્યઅનુભૂતિ છે તે અનુભૂતિસ્વરૂપ જ હું છું–એમ જાણવું, નિઃશંક શ્રદ્ધવું તથા તેમાં ઠરવું,–તે આત્માની સેવા છે; ને તેના સેવનથી જ મોક્ષ થાય છે. બીજી કોઈ રીતે મોક્ષ થતો નથી.

ભાઈ, આવા જ્ઞાનસ્વરૂપ આત્માની સેવા વગર, તેને જાણ્યા વગર, તું સંસારમાં

અનાદિથી બહુ દુઃખી થયો આત્મા જ્ઞાનસ્વરૂપ તો છે જ, પણ 'હું જ્ઞાનસ્વરૂપ છું' એવી અનુભૂતિ જ્યાં સુધી ન કરે ત્યાંસુધી જ્ઞાનનો સ્વાદ આવે નહિ, એટલે જ્ઞાનની સેવા થાય નહીં. અરે, જ્ઞાનની સેવા કરે–એની દશા તો રાગથી જુદી પડી જાય, ને અલૌકિક આનંદના વેદનસહિત તેને મોક્ષમાર્ગ પ્રગટે.

જુઓને, આત્માની સેવા કરવાનું બતાવવા માટે દ્રષ્ટાંત પણ 'રાજા' નું આપ્યું છે. રાજા એટલે શ્રેષ્ઠ! મોક્ષાર્થીને માટે આ ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક રાજા જ સૌથી શ્રેષ્ઠ છે, તે જ સેવવાયોગ્ય ને આરાધવાયોગ્ય છે. આત્મ–રાજા તો ચૈતન્યભાવમાં તન્મય છે; તે કાંઈ રાગાદિ સાથે તન્મય નથી; એટલે આત્માની સેવા કરનાર રાગની સેવા કરે નહીં; રાગથી જુદો પડીને, જ્ઞાનમાં તન્મય થઈને જ્ઞાનભાવપણે જે પરિણમ્યો તેણે ચૈતન્યરાજાની સેવા કરી, તેણે જ્ઞાનનું સેવન કર્યું.

જિનભગવાને આવા જ્ઞાનસ્વરૂપ આત્મામાં વસવાનો ઉપદેશ કર્યો છે. જ્ઞાનમાં વસવું તે સાચું વાસ્તુ છે. રાગરૂપી પરઘરમાં અનાદિથી વસી રહ્યો છે, એટલે રાગથી જુદો પડીને જ્ઞાનને એકક્ષણ પણ તેણે સેવ્યું નથી. એકક્ષણ પણ જો રાગથી જુદો પડીને જ્ઞાનને સેવે, જ્ઞાનરૂપે પોતાને અનુભવે, તો મોક્ષનો માર્ગ ખુલ્લી જાય. માટે હે મોક્ષાર્થી જીવો! તમે સ્વસન્મુખ થઈને જ્ઞાનવડે આ ચૈતન્યરાજાને સેવો; તેને જાણીને તેની શ્રદ્ધા કરો, ને તેમાં ઠરો.

અરે, રાગને સેવે તેને મોક્ષાર્થી કેમ કહેવાય? રાગનો અર્થી તે મોક્ષનો અર્થી નહીં; મોક્ષનો અર્થી તે રાગનો અર્થી નહીં. જ્ઞાન–આનંદનું ધામ આત્મા પોતે છે, પણ જ્યાં સુધી તે પોતે પોતાને જ્ઞાનરૂપે અનુભવતો નથી ત્યાં સુધી જ્ઞાનની સેવા થતી નથી, ને જ્ઞાનની સેવા વગર મોક્ષની સિદ્ધિ થતી નથી. માટે જિનશાસનમાં ભગવાને મોક્ષાર્થી જીવોને જ્ઞાનની સેવાનો ઉપદેશ દીધો છે.

જોકે આત્મા જ્ઞાનસ્વરૂપ તો છે જ, તોપણ અજ્ઞાની જ્ઞાનને એકક્ષણ પણ અનુભવતો નથી, તે તો રાગને જ સેવે છે. જો 'હું જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતે ઓળખે–અનુભવે તો રાગથી ભિન્ન જ્ઞાનદશારૂપે પરિણમે, અને ત્યારે તેણે જ્ઞાનની સેવા કરી કહેવાય; 'હું જ્ઞાન છું' એવા શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ વડે આત્મરાજાની સેવા કરતાં આત્મા જરૂર સિદ્ધિને પામે છે; અને આવા જ્ઞાનમય આત્મરાજાની સેવા વગર બીજા કોઈપણ ઉપાય વડે આત્મા સિદ્ધિને પામતો નથી.

હે ભાઈ! જેમાં અનંતગુણ વસેલા છે એવી ચૈતન્યવસ્તુ તું પોતે છો; અરે ચૈતન્યરાજા! તારા અચિંત્ય વૈભવને તેં કદી જાણ્યો નથી, તારા સ્વઘરમાં તેં વાસ

કર્યો નથી; સ્વઘરને ભૂલી, રાગને પોતાનું ઘર માનીને તેમાં તું વસ્યો છો. પણ હવે શ્રીગુરુ તને સ્વઘરમાં વાસ્તુ કરાવે છે કે હે જીવ! તું તારા આત્માને ચૈતન્યસ્વરૂપ જાણીને તેની સેવા કર. તેનાથી જ તારું કલ્યાણ થશે.

શ્રીગુરુએ જેમ કહ્યું તેમ શિષ્યે કર્યું, ત્યારે તેણે સ્વઘરમાં વાસ્તુ કર્યું. અરે, સ્વઘરમાં આવવાનો ઉલ્લાસ કોને ન આવે? એક ગાય–બળદ જેવા પશુઓ પણ બહાર ખેતરમાં રખડીને જ્યારે ઘરે ગમાણમાં આવે છે ત્યારે હોંશથી દોડતા–દોડતા આવે છે. બળદ જ્યારે ખેતરમાં મજુરી માટે જતા હોય ત્યારે હળવે હળવે જાય પણ મજુરીથી છૂટીને આખી રાત આરામ કરવા ને ઘાસ ખાવા ઘરે પાછા ફરતા હોય ત્યારે તો દોડતા–દોડતા આવે છે. અરે! બળદ જેવા પશુનેય છૂટકારાના પંથનો આવો ઉલ્લાસ આવે છે, તો હે જીવ! તને વીતરાગી સંતો તારા છૂટકારાનો માર્ગ બતાવે છે. અનાદિથી સંસારમાં રખડીરખડીને જીવ થાક્યો, હવે શ્રીગુરુ તેને શાંતિનું ધામ એવું સ્વઘર બતાવે છે; તે સ્વઘરમાં રહીને સાદિઅનંતકાળ આનંદનો ભોગવટો કરવાનો છે; તો સ્વઘરમાં આવવાનો ઉમંગ કોને ન આવે? તું તારા આત્માનો પરમ ઉલ્લાસ લાવીને તારા સ્વતત્ત્વમાં આવ. અનાદિનાં દુઃખોથી છૂટકારાનો આવો મજાનો માર્ગ! તે સાંભળતાં મુમુક્ષુ જીવ પરમ ઉલ્લાસથી આત્માને સાધે છે. એનું નામ જ્ઞાનની સેવા છે, એ જ મોક્ષમાર્ગ છે.

આ રીતે જ્ઞાનસ્વરૂપ આત્માને જાણીને તેની સેવા કરે ત્યારે જીવને અજ્ઞાનનો વ્યય થાય છે, સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થાય છે ને જ્ઞાનસ્વરૂપે પોતે ધ્રુવ રહે છે. આવા ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ આત્મા છે. આત્માનું આવું સ્વરૂપ વીતરાગમાર્ગમાં જ છે.

વીતરાગદેવના માર્ગમાં જ્ઞાની–સંતોનો ઉપદેશ આ જ છે કે હે જીવ! જ્ઞાન–સ્વરૂપે પોતાના આત્માને ઓળખીને તેની અનુભૂતિ કર. તું ચૈતન્યરાજા, ને રાગ પાસે તારા મોક્ષની ભીખ માંગે–એ તને શોભતું નથી. ચૈતન્યરાજા રાગની સેવા કરે–એ કાંઈ તેને શોભે? ના; એ તો મોહભજન છે. ચૈતન્યરાજાની સેવા તો રાગ વગરની છે. જ્ઞાનવડે ચૈતન્યરાજાની સેવા કરતાં તે પોતાને મહાન આનંદ આપે છે, શાંતિના સુખના અપાર નિધાન આપે એવો આ ચૈતન્યરાજા છે. તેના જ્ઞાન–શ્રદ્ધા–એકાગ્રતાવડે અપૂર્વ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. માટે હે મોક્ષાર્થી જીવો? તમે સતત આવા જ્ઞાનસ્વરૂપે પોતાને અનુભવો...આનંદધામ તમે પોતે છો તેને ઓળખીને તેમાં વસો...એ મંગલ વાસ્તુ છે.

# વીતરાગી સંતો અપૂર્વ ભેદજ્ઞાન કરાવે છે એ ભેદજ્ઞાન કરીને આત્મા આનંદિત થાય છે

( મહા વદ ૧૨, સોનગઢઃ સમયસાર ગા. ૨૩–૨૪–૨૫ )

( વિહારના આગલા દિવસના પ્રવચનની પ્રસાદી વાંચીને આપને આનંદ થશે )

જીવનું સ્વરૂપ, પુદ્ગલથી ભિન્ન ચેતનારૂપ છે; આવું સ્વરૂપ બતાવીને આચાર્યદેવ કહે છે કે હે જીવ! તું તો ચૈતન્યસ્વરૂપ છો; તું કાઈ પુદ્ગલસ્વરૂપ નથી. અંદરમાં વિચાર કરીને દેખ તો તને તારું ચેતનપણું દેખાશે, ને જડ–પુદ્ગલથી અત્યંત જુદાઈ અનુભવમાં આવશે.

અરે, ક્યાં તું ચૈતન્યભગવાન! ક્યાં એ અચેતન જડ! બંનેને સર્વથા ભિન્નતા છે. સર્વજ્ઞભગવાને ચેતનમય જીવ જોયો છે, પુદ્ગલ તો જડરૂપ છે. ચેતનતત્ત્વ પુદ્ગલરૂપ કેમ થાય? રાગ પણ ચેતનતા વગરનો છે. ચેતનતત્ત્વ કદી ચેતનતા છોડીને રાગમય કે દેહમય થતું નથી; ને દેહ કે રાગ કદી ચેતનરૂપ થતા નથી. બંનેને તદ્દન ભિન્નતા છે. જેમ પ્રવાહીપણું ને ખારાપણું તો પાણીમાં એકસાથે રહી શકે છે, તેમાં વિરોધ નથી; તેમ જીવમાં કાંઈ ચેતનતા અને અચેતનતાને અવિરોધપણું નથી; જીવમાં જેમ ચેતનપણું તો તન્મયપણે સદા રહેલું છે, તેમ કાંઈ રાગાદિપણું જીવસાથે તન્મય વર્તતું નથી, તે તો જુદું વર્તે છે. સર્વજ્ઞદેવે કહેલું આવું ભેદજ્ઞાન કરીને હે જીવ! તું ખુશી થા...પ્રસન્ન થા...આનંદિત થા.

અહો! મારું ચૈતન્યતત્ત્વ તો આવું સરસ, રાગ વગર શોભી રહ્યું છે, તે મારા ગુરુના પ્રતાપે મને અનુભવમાં આવ્યું.–આમ સ્વતત્ત્વને દેખીને હે જીવ! તું આનંદિત થા! જ્યાં આનંદમય તત્ત્વ પોતે પોતાને અનુભવમાં આવ્યું ત્યાં હવે સંદેહ કેવો? ખેદ કેવો? –સંદેહ અને ખેદ છોડીને આવા સ્વતત્ત્વને આનંદથી અનુભવમાં લે. અનાદિકાળથી ભૂલીને ભવમાં ભટકયો, છતાં મારું તત્ત્વ બગડી ગયું નથી, ચેતનપણાને છોડીને જડરૂપ–રાગરૂપ થયો નથી; ચારે બાજુથી, બધા પરભાવોથી મારું

તત્ત્વ છૂટું ને છૂટું ચેતનામય છે.–આમ અંતરમાં દેખતાંવેંત પોતાને પરમ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આવો સ્વાદ લઈને હે જીવ! તું પ્રસન્ન થા...ઉજ્વળ થા..ને આવા ઉપયોગસ્વરૂપ આત્માને અનુભવમાં લે.

આહા! સર્વ પ્રકારે તું પ્રસન્ન થા...કોઈ પ્રકારે દુઃખી ન થા! અરે, ચૈતન્યમાં તે દુઃખ હોય! રાજી થઈને આનંદમય ચૈતન્યતત્ત્વને તું દેખ! આવો ને આવો તું અત્યારે પણ છો. અંદર દેખતાં જ તને, મહા આનંદ થશે. આવા તત્ત્વને દેખીને ધર્મી કહે છે કે –હવે પરભાવમાં હું નહીં જાઉં...નહીં જાઉં...નહીં જાઉં! ચેતનપણે જ હું છું–એવી શ્રદ્ધાના સિંહનાદથી ધર્મી કહે છે કે અમારે હવે ભવ કેવા ને દુઃખ કેવા? જેમ સૂર્યના પ્રકાશમાં અંધકાર નથી તેમ મારા ચેતનસૂર્યના પ્રકાશમાં રાગાદિ પરભાવોના અંધારા નથી–નથી–નથી.

અહા! ચૈતન્યની આવી વાત સાંભળતાં કોણ ખુશી ન થાય! આવા તારા ચૈતન્યને લક્ષમાં લઈને તું ખુશી થઈ જા. જ્યાં આત્માનું લક્ષ થયું ત્યાં ધર્મી પરમ આનંદના વેદન સહિત નિઃશંક થઈ જાય છે કે બસ, સર્વજ્ઞદેવે જોયેલો આત્મા અમે પણ અનુભવી લીધો છે. જેવો સર્વજ્ઞપ્રભુએ જોયો છે તેવો જ અમારો ચૈતન્યસ્વરૂપ આત્મા અમે અનુભવી રહ્યા છીએ.

અહા! પ્રમોદથી તારા ચૈતન્યની વાત તું સાંભળ તો ખરો? આત્માનું આવું સરસ સ્વરૂપ સાંભળતાં અંદર અસંખ્ય પ્રદેશ પ્રમોદથી ઉલ્લસી જાય છે...મુમુક્ષુ જીવ પોતાના તત્ત્વને દેખીને મહા પ્રસન્ન થાય છે. પોતાની વસ્તુ ઘણી ગંભીર ને ઘણી મહાન છે, પણ તે એવી નથી કે તેમાં જ્ઞાનવડે પહોંચી ન શકાય! જ્ઞાનની ઉજ્વળતા વડે અંદર આવા ચૈતન્યતત્ત્વને અનુભવી શકાય છે. આત્મા પોતાના ચૈતન્યલક્ષણને કદી બદલતો નથી. લાખ પ્રતિકૂળતા વચ્ચેય જ્ઞાની પોતાના ચૈતન્યલક્ષણને છોડતા નથી, કે ચૈતન્યલક્ષણરૂપ જે સ્વતત્ત્વ તેનું લક્ષ કદી છોડતા નથી. અહા, આવા ચૈતન્યલક્ષણવંત સ્વતત્ત્વને તું આનંદથી અનુભવમાં લે.

આમ શ્રીગુરુએ અત્યંત કરુણાથી ભેદજ્ઞાન કરાવ્યું, તે મુજબ પોતે જ્ઞાનની ઉજ્વળતા કરીને શિષ્ય પરમ પ્રસન્ન થયો છે, આનંદિત થયો છે. ચૈતન્યતત્ત્વ જ એવું છે કે જેને લક્ષમાં લઈને અનુભવ કરતાં મહા આનંદ થાય છે.

**“ધન્ય ગુરુ! -કે જેમણે પરમ અનુગ્રહથી ભેદજ્ઞાન કરાવીને શિષ્યને સ્વતત્ત્વમાં સાવધાન કરીને આનંદિત કર્યો.”**

# અહો, મારા સ્વતત્ત્વનો પરમ સ્વભાવ!

[ સોનગઢ મહા વદ ૧૨: નિયમસાર ગાથા ૫૦ ]

નિયમસારમાં સ્વતત્ત્વનું અપૂર્વ સ્વરૂપ બતાવીને તેનું ગ્રહણ કરાવ્યું છે. વિભાવ વગરનો આત્માનો સ્વભાવ, કે જે ગ્રહવા જેવો છે, જે અનુભવવા જેવો છે, જે શ્રદ્ધા–જ્ઞાનમાં લેવા જેવો છે, અને જે દરેક જીવમાં શુદ્ધપણે બિરાજી રહ્યો છે, તેની આ વાત છે.

ભાઈ, તેં સદા તારા આત્માને વિભાવરૂપે જ અનુભવ્યો છે. વિભાવથી જુદું તારું અસ્તિત્વ તને ભાસ્યું નથી. સુખસ્વરૂપ તો તારું તત્ત્વ પોતે છે, તેના આશ્રયે જ તને સુખ થશે. તારા સ્વઘરની વસ્તુ સંતો તને બતાવે છે. તું કાંઈ ક્ષણિક નથી; પર્યાયમાં ઉદયાદિ ભાવોના ભેદ પડે છે તેને સ્વદ્રવ્ય કહેતા નથી, તે ક્ષણિક ભાવ જેટલો તું નથી. તારા પરમસ્વભાવનો આધાર તારું દ્રવ્ય–એવો આધાર–આધેયનો ભેદ પણ ખરેખર ક્યાં છે? આધાર–આધેયના વિકલ્પો સ્વતત્ત્વના અનુભવમાં નથી; સ્વતત્ત્વ તો આધાર–આધેયના વિકલ્પોથી પાર છે. સ્વભાવ આધેય ને દ્રવ્ય આધાર, એવોય ભેદ –વિકલ્પ જ્યાં નથી ત્યાં રાગનો આધાર આત્મા–એ વાત તો ક્યાં રહી? રાગભાવ તો ચૈતન્યભાવથી તદ્દન જુદા છે. અહા, સ્વતત્ત્વનો કોઈ પરમ અદ્ભુત મહિમા છે; તેનું શ્રવણ પણ મહાભાગ્યે મળે છે. સ્વતત્ત્વના અચિંત્યમહિમાની હવા પણ જીવે પૂર્વે કદી લીધી ન હતી, હવે સ્વતત્ત્વનું ભાન થતાં કોઈ પરભાવો પોતાપણે ભાસતા નથી. અરે, આત્મા તો કોને કહીએ? આ મારો ગુણ ને હું તેનો આધાર–એટલો વિકલ્પ પણ જેમાં પાલવતો નથી, વિકલ્પ જેમાં પ્રવેશી શકતો નથી, આવા આત્માને લક્ષમાં લેતાં સંસારના પરભાવનો રસ ઊડી જાય; ને આત્મા પરભાવથી છૂટીને કેવળજ્ઞાનાદિ શુદ્ધભાવરૂપે પરિણમી જાય.

જેઓ આત્માના પરમસુખના અભિલાષી હોય, જેઓ મોક્ષાર્થી હોય, તેઓ પોતાને એક શુદ્ધ પરમ ચૈતન્યભાવરૂપે જ સદાય અનુભવો. આવું તત્ત્વ એ જ મારું સ્વતત્ત્વ છે, એ જ હું છું; આવા અનુભવ સિવાયનું બીજું બધુંય મારાથી પર છે, તે હું નથી. ચાર ભાવોના જેટલા ભેદ છે તે બધાય ભેદના વિકલ્પોથી પાર મારું પરમ તત્ત્વ શુદ્ધ ચૈતન્યમાત્ર છે. નિર્મળબુદ્ધિવાળા, ઉજ્જવળ ચિત્તવાળા હે મુમુક્ષુ જીવો! તમે આવો અનુભવ કરો. સિદ્ધાંતમાં આવો આત્મા કહ્યો છે તેનું તમે સેવન કરો; આવા આત્માના સેવનથી જરૂર તમને મોક્ષસુખનો અનુભવ થશે, સમ્યક્ત્વાદિ અતિઅપૂર્વ સિદ્ધિને તમે પામશો.

## જેને જાણતાં જ આનંદના દરિયા ફાટે
## એવા તારા સ્વતત્ત્વનો મહિમા લાવીને સાંભળ!
## પૂર્વે કદી નથી સાંભળ્યું એવા અપૂર્વ ભાવથી તું સાંભળ

[ મહા વદ તેરસે સોનગઢથી મંગલ-પ્રસ્થાન કરીને પૂ. ગુરુદેવ લાઠી શહેર પધાર્યા. દિગંબર જિન મંદિર-પંચકલ્યાણક મહોત્સવ આ લાઠી શહેરમાં (સં. ૨૦૦૫માં) આજથી ૨૩ વર્ષ પહેલાં થયો હતો. એ વખતનો લાઠીના મુમુક્ષુઓનો ઉલ્લાસ આશ્ચર્ય પમાડે તેવો હતો. કષાયપ્રાભૃત-જયધવલ મહાસિદ્ધાંતનો પહેલો ભાગ રાજકોટ મુકામે ગુરુદેવના હાથમાં આવેલ, તેનું અતિશય બહુમાન આવ્યું; એ વખતે એ જયધવલ હાથમાં લઈને માત્ર જોવા મળે તોપણ અમે મહાન ભાગ્ય સમજતા.—એવા જયધવલ-પરમાગમની મહાન ભક્તિભરી રથયાત્રા પહેલવહેલી આ લાઠી શહેરમાં (સં. ૨૦૦૦ બે હજારમાં) નીકળી હતી.—આવા લાઠી શહેરમાં જિનમંદિરમાં સીમંધર ભગવાનના દર્શન કર્યા બાદ મંગલ તરીકે સૌથી પ્રથમ આત્માના અતીન્દ્રિય આનંદને યાદ કરતાં ગુરુદેવે કહ્યું કે આ આત્મા અંદર જ્ઞાન-આનંદસ્વરૂપે પોતે બિરાજે છે. આવા આનંદસ્વરૂપ આત્માને ઓળખવો, તેનું સ્મરણ કરવું તે મંગળ છે.

પ્રવચનમાં સમયસારની ચોથી ગાથા દ્વારા આત્માના સ્વરૂપની દુર્લભતા બતાવતાં ચૈતન્યસ્વરૂપનો પરમ મહિમા સમજાવ્યો. ]

આ સમયસારમાં દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મતત્ત્વ બતાવ્યું છે. જીવે પોતાનું વાસ્તવિકસ્વરૂપ અનંતકાળથી જાણ્યું ન હતું તેથી તે એકત્વસ્વરૂપની દુર્લભતા છે.

જગતમાં બધી વસ્તુ જીવ પામી ચુકયો, પણ પોતાનું ચૈતન્યતત્ત્વ પોતે કદી અનુભવ્યું નહિ તેથી તે દુર્લભ છે. ભલે દુર્લભ છે–એ ખરું, છતાં પણ તે ન જાણી શકાય એવું નથી, તે જાણી શકાય છે, ને તેની ઓળખાણ વડે તે સુલભ થાય છે. જ્ઞાનીઓને આત્મા સુલભ છે. અજ્ઞાનીને જગતના વિષયો સુલભ લાગે છે ને અતીન્દ્રિય આત્મા દુર્લભ લાગે છે. આવા એકત્વ સ્વરૂપને જે જાણવા માંગે છે તેને તેનું સ્વરૂપ આ સમયસારમાં આચાર્યદેવે બતાવ્યું છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ દુર્લભ છે એમ કહ્યું, તેથી કાંઈ તે પ્રાપ્ત નહિ થઈ શકે એમ નથી કહેવું; પણ દુર્લભ છે–માટે તું અપૂર્વ ભાવે તેની પ્રાપ્તિનો પુરુષાર્થ કરજે. દુર્લભ વસ્તુની અચિંત્ય કિંમત સમજીને તેની પ્રાપ્તિની લગની લગાડતાં તે સુલભ થઈ જશે. પૂર્વે સાચા ભાવે આત્માનું સ્વરૂપ તેં સાંભળ્યું નથી. સાંભળ્યું ત્યારે રુચિ કરી નથી; માટે હવે જ્ઞાની પાસેથી એવા અપૂર્વભાવે સાંભળજે કે પોતાની વસ્તુ પોતાને સુલભ થઈ જાય. અરે, પોતાની વસ્તુ તે પોતાને દુર્લભ હોય? દુર્લભપણું તે વ્યવહાર છે, ને સુલભપણું તે નિશ્ચય છે.

પૂર્વે અનંતવાર આત્માની વાત તો સાંભળી છે, –છતાં નથી સાંભળી–એમ કેમ કહો છો? તો કહે છે કે ચૈતન્યવસ્તુ જેવી મહાન છે તેવી લક્ષમાં ન લીધી, તેનો પ્રેમ ન કર્યો, તેથી શ્રવણનું ફળ તેને ન આવ્યું, માટે તેણે આત્માની વાત સાંભળી જ નથી. ખરેખર સાંભળ્યું તેને કહેવાય કે જેવી ચૈતન્યવસ્તુ છે તેવી અનુભવમાં આવી જાય.

તે જ પ્રમાણે, નિગોદમાં અનંત જીવો એવા છે કે જેને હજી સુધી કાન જ મળ્યા નથી; છતાં અહીં કહે છે કે તેણે પણ અનંતવાર કામ–ભોગ–બંધનની જ કથા સાંભળી છે.–નથી સાંભળી, છતાં સાંભળી કેમ કહો છો? કેમકે તે વિકથાના શ્રવણનું ફળ જે રાગનો અનુભવ–તે તેને વર્તે છે. શબ્દો ભલે ન સાંભળ્યા, પણ સાંભળ્યા વગર એકલા શુભાશુભરાગના અનુભવરૂપી સંસારની ચક્કીમાં તે પીલાઈ રહ્યા છે; એટલે તે પુણ્ય–પાપની વિકથા જ સાંભળી રહ્યા છે એમ કહ્યું છે. ઉપાદાનમાં જેવું વેદન છે તેવું જ શ્રવણ કહ્યું. ચૈતન્યના એકત્વને જે નથી અનુભવતો તેણે ચૈતન્યની વાત સાંભળી જ નથી, રાગને એકત્વપણે જે અનુભવે છે તે રાગની કથા જ સાંભળી રહ્યો છે–ભલે ભગવાનના સમવસરણમાં બેઠો હોય! ભાવશ્રવણ તેને કહેવાય કે જેવું શ્રવણ કર્યું તેવા તત્ત્વને અનુભવમાં લ્યે. બાપુ! તારા અનુભવમાં આવી શકે એવું તારું તત્ત્વ છે,

ને તે જ તત્ત્વને પોતે જાતે અનુભવીને તને બતાવીએ છીએ. અરે, તું પોતે ચૈતન્યનાથ, સુખનો ભંડાર! ને તારા સુખની ભીખ બીજા પાસે માંગે, એ તે કાંઈ તને શોભે છે? અનંતકાળથી તેં નહિ સાંભળેલું, નહિ અનુભવેલું તારું અચિંત્ય તત્ત્વ જ્ઞાની સંતો તને અત્યારે સંભળાવે છે; તે સમજીને તેનો પરમ મહિમા લાવીને, તેનો અનુભવ કરવાનો આ અવસર આવ્યો છે.–આવો અવસર તું ચૂકીશ મા!

અરે, આત્માનું આવું સ્વરૂપ સાંભળવા માટે પણ જેને નિવૃત્તિ ન મળે, એની જિજ્ઞાસા પણ ન જાગે–એને તો આત્માની કિંમત જ ક્યાં છે! ઇન્દ્રો સ્વર્ગને પણ તૂચ્છ સમજીને જે તત્ત્વનું શ્રવણ કરવા આ મનુષ્યલોકમાં આવે છે તે ચૈતન્યતત્ત્વના મહિમાની શી વાત? અરે, આવા ચૈતન્યના અનુભવ વગરના એકલા શુભાશુભભાવો તે તો ભાર છે, બળદ ભારને ખેંચે તેમ અજ્ઞાની શુભાશુભ કષાયચક્રમાં વર્તતો થકો દુઃખના ભારને ખેંચે છે; ચૈતન્યના અતીન્દ્રિયસુખના સ્વાદને ચુકીને ઇન્દ્રિયવિષયોની તૃષ્ણાથી આકુળ–વ્યાકુળ દુઃખી થાય છે. તેનાથી છૂટવા માટે આત્માનું પરથી ભિન્ન, એકત્વસ્વરૂપ અહીં સમજાવ્યું છે. આવું સ્વરૂપ સમજે તો કષાયના ભારથી છૂટીને જીવ હળવો થઈ જાય, ને તેને પોતાના એકત્વ ચિદાનંદસ્વરૂપના અનુભવથી પરમ આનંદનો સ્વાદ આવે.

આત્માના સ્વભાવને પરથી ભિન્ન જાણે તો અંદરનું ચૈતન્ય–પાતાળ ફાટીને શાંત–આનંદ પ્રગટે; અને જેને આવા આત્માની ખબર નથી, ને પરવિષયમાં સુખ માને છે તેને તો મોહરૂપી મોટું ભૂત વળગ્યું છે અને તેથી તેને વિષયોની તૃષ્ણા ફાટી નીકળી છે. અંદર ચૈતન્યને સ્વવિષય બનાવીને તેમાં ઝુકતાં આનંદનો દરિયો ફાટે; ને પરમાં સુખ માનીને પરવિષય તરફ ઝુકતાં તૃષ્ણાનો દરિયો ફાટે છે.

અરે જીવ! જેને જાણતાં જ આનંદના દરિયા ઉલ્લસે છે એવા તારા સ્વતત્ત્વને તું મહિમાથી સાંભળ તો ખરો. **અનંત કાળથી સમજ્યા વગર આત્માનું બગાડયું છે, તો હવે આ ભવમાં તો મારે મારા આત્માનું સુધારી લેવું છે. અનંત ભવની બગડેલી બાજી, હવે આ ભવે સત્સમાગમે મારે સુધારી લેવી છે,**–એમ અંદરથી આત્માના હિતની ખટક જાગવી જોઈએ. અરે આવા સત્સંગનો યોગ પામીને હવે મુમુક્ષુને ભવ બગડવાની વાત હોય નહીં, હવે ભવમાં ભટકવાનું હોય નહીં; હવે તો ભવનો અંત લાવવાની વાત છે. આવો અપૂર્વ ધર્મ મળ્યો તો હવે

મારા ભવનો અંત આવી ગયો,–એમ અંદરથી ધર્મીને ભવના અંતના રણકાર આવે છે. અરે, અત્યારે તો અનંત ભવનાં દુ:ખોથી છૂટીને મોક્ષસુખને સાધવાનો મારે અવસર આવ્યો છે. હવે આ સંસારદુ:ખોથી બસ થાઓ, બસ થાઓ! આત્માના સ્વભાવનું કોઈ પરમ સુખ, તેનો સ્વાદ લેવાનો આ અવસર છે. અહા, મારું ચૈતન્યતત્ત્વ જે મારા અંતરમાં સ્પષ્ટપણે સદા પ્રકાશમાન છે, એવા નિર્દોષ ચૈતન્યતત્ત્વ ઉપર આ પરભાવરૂપી કષાયચક્રના લેપ શોભતા નથી. શાસ્ત્રમાં (નયચક્રમાં) કહ્યું છે કે વ્યવહાર તે તો નિશ્ચય ઉપરનો લેપ છે. જેમ લેપથી મૂળવસ્તુ ઢંકાઈ જાય છે તેમ આત્માનું જે નિશ્ચય શુદ્ધ સ્વરૂપ છે તે, પરભાવરૂપી વ્યવહારના લેપવડે ઢંકાઈ જાય છે, અજ્ઞાનીને રાગાદિ વ્યવહારભાવોવાળો જ આત્મા દેખાય છે, શુદ્ધઆત્મા તેને દેખાતો નથી, અનુભવાતો નથી; પોતાને તેનો અનુભવ નથી ને અનુભવી–જ્ઞાનીઓ પાસેથી તે સાંભળવાનો અવસર આવ્યો ત્યારે તેની પ્રીતિ પણ કરતો નથી.

અરે, મારું આ ચૈતન્યતત્ત્વ એકત્વસ્વભાવમાં શોભતું, તેના ઉપર કષાયચક્રના લેપ શા? શુભ–અશુભભાવરૂપી કષાયચક્ર સાથે ચૈતન્યને સંબંધ કેવો? ચૈતન્યના શાંત નિરાકુળસ્વભાવને કષાયો સાથે એકતા નથી, ભિન્નતા જ છે. આવું ભિન્નપણું જ્ઞાનીઓ બતાવે છે. તેને સાંભળી, તેનો પ્રેમ કરી, વારંવાર તેનો પરિચય કરીને, તે અનુભવમાં લેવા જેવું છે.–આ જ કલ્યાણની રીત છે; ભાઈ! આવા તત્ત્વનો પ્રેમ કર તો તારી બગડેલી બાજી સુધરી જશે, તારો ભવ સુધરી જશે, આત્માનું પરમસુખ તને તારામાં દેખાશે. આવું ભેદજ્ઞાન તારાથી થઈ શકે તેવું છે, તે જ જ્ઞાનીઓ તને સમજાવે છે. આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ દેખાય એવો છે. અંતરની પ્રીતિથી અભ્યાસ કરતાં, દુર્લભ તત્ત્વ પણ સુલભ થઈ જાય છે, બાહ્ય વિષયોની મીઠાશ હતી ત્યારે રાગથી ભિન્ન ચૈતન્યતત્ત્વ દુર્લભ હતું; હવે રાગથી ભિન્ન ચૈતન્યના અભ્યાસરૂપ ભેદજ્ઞાન વડે આનંદમય આત્મતત્ત્વ સુલભ થયું છે, જ્ઞાનીને તે સ્વાનુભવગમ્ય થયું છે માટે તે સુલભ છે. જ્ઞાની પાસેથી સાંભળીને અંદર પ્રયોગ કરતાં 'પ્રાપ્તની પ્રાપ્ત' થાય છે,–સ્વભાવમાં હતું તે પર્યાયમાં પ્રગટયું છે. પૂર્વે અજ્ઞાનદશામાં દુર્લભ હતું—પણ હવે 'સમયસાર' ના શ્રવણથી અમારું એકત્વ અમને સુલભ થઈ ગયું છે.–આત્મજ્ઞ સંતોનો એ પ્રતાપ છે. પોતાના એકત્વસ્વભાવનું આવું ભાન કર્યું તે જ આત્મજ્ઞ સંતોની ખરી ઉપાસના છે.

આત્માનું શુદ્ધસ્વરૂપ પૂર્વે કદી જાણ્યું નથી–અનુભવ્યું નથી–પ્રેમથી સાંભળ્યું પણ નથી; તે શુદ્ધસ્વરૂપ જાણવાની જેને હવે ધગશ જાગી છે એવા શિષ્યને અહીં

સમયસારમાં આત્માના સમસ્ત નિજવૈભવથી આચાર્યદેવ શુદ્ધ આત્મા દેખાડે છે. શુદ્ધાત્માની જેને ગરજ થઈ છે–ધગશ થઈ છે એવા શિષ્યને સમજાવે છે.

કેવો છે આત્માનો શુદ્ધસ્વભાવ? તે ચૈતન્યભાવપણે સદા પ્રકાશમાન જ્ઞાયકભાવ, શુભ–અશુભ કષાયચક્રરૂપે પરિણમતો નથી. ચૈતન્યભાવ છે તે કદી રાગરૂપ થયો નથી; આવા આત્માને અનુભવતાં શુદ્ધ આત્માનો સ્વાદ આવે છે. આવા આત્માને જાણ્યા વગર આ સંસારના આંટા મટે નહિ. બાપુ! આ સંસારના દુઃખમાં અવતાર લેવો તે તને કલંક લાગવું જોઈએ. આનંદસ્વરૂપ આત્માને આ સંસારદુઃખ શોભતા નથી. એનાથી છૂટવા ચાહતો હો તો તારા આવા શુદ્ધસ્વરૂપને તું જાણ.

તારા જ્ઞાનને અંતરમાં વાળતાં તારો આખો આત્મા તને પ્રત્યક્ષ થશે, મહા આનંદસહિત તારો આત્મા તને પ્રાપ્ત થશે એટલે કે અનુભવમાં આવશે. આવું અંતર્મુખજ્ઞાન સીધું આત્માને સ્પર્શે છે, તે જ્ઞાનમાં ઇન્દ્રિયની–મનની–રાગની અપેક્ષા રહેતી નથી; બધાથી છૂટેલું જ્ઞાન, આત્માના સ્વભાવમાં તન્મય વર્તે છે. આવા જ્ઞાનમાં અતીન્દ્રિયસુખનો સ્વાદ આવે છે. હું તો દેહ વગરનો, રાગ વગરનો, શુદ્ધ–બુદ્ધ–ચૈતન્ય–ઘન છું, મારા સ્વરૂપને જાણવા માટે હું જ પોતે સ્વયંજ્યોતિ–પ્રકાશમાન છું, કોઈ બીજાની તેમાં મદદ નથી. સ્વયં પ્રકાશમાનપણે મારું સ્વરૂપ મને પ્રત્યક્ષ છે.–આમ જે જાણે છે–અનુભવે છે તે જીવ ધર્મી છે.

ચૈતન્યતત્ત્વ જેવડું મહાન છે તેવડું જેના લક્ષમાં આવે તેને જ વિકલ્પ તૂટે, એટલે કે વિકલ્પ અને જ્ઞાનની ભિન્નતા થઈને તેને અતીન્દ્રિય જ્ઞાન પ્રકાશનાં કિરણો ફૂટે ને આનંદનું પ્રભાત ખીલે. વસ્તુ જેવી અને જેવડી છે તેનો અચિંત્યમહિમા લક્ષગત થયા વગર સાચું ધ્યાન થાય નહિ ને વિકલ્પ છૂટે નહીં. જ્ઞાનતત્ત્વ પોતે વિકલ્પ વગરનું છે, એ તત્ત્વનો અનુભવ કરતાં જ વિકલ્પ વગરના ચૈતન્યનું વેદન થાય છે, તેની શ્રદ્ધા થાય છે, તેનું જ્ઞાન થાય છે, તેનો આનંદ થાય છે, એમ અનંતગુણોનું નિર્દોષ કાર્ય આત્મામાં એક સાથે પ્રગટે છે, તેનું નામ ધર્મદશા છે.

**–: ઇતિ શ્રી લાઠીશહેર-પ્રવચન :–**

(લાઠીશહેરમાં ત્રણ દિવસ રહ્યા; રાત્રિચર્ચામાં ગુરુદેવ ધર્માત્માના મહિમાની ને વિદેહધામની અવનવી ચર્ચા સંભળાવીને મુમુક્ષુઓને પ્રસન્ન કરતા હતા. ફાગણ સુદ એકમની સવારમાં લાઠીથી પ્રસ્થાન કરીને અમરેલી શહેર પધાર્યા.)

# 'હું પોતે ચૈતન્યરાજા છું'

**રાગથી ભિન્ન ચૈતન્યની અનુભૂતિ છે તે જ હું છું,–મારું ચૈતન્યસ્વરૂપ જ જગતમાં સૌથી શ્રેષ્ઠ છે.–એમ ચૈતન્યરાજાપણે પોતે પોતાને જાણી–શ્રદ્ધી–અનુભવીને મુમુક્ષુ જીવ પોતે પોતાની અનુભૂતિ વડે મોક્ષને સાધે છે. ભાઈ, આત્માની સેવાનો ને મોક્ષને સાધવાનો આ ઉત્તમ અવસર છે.**

(અમરેલીશહેરમાં ફાગણ સુદ એકમથી પાંચમ સુધી જિનેન્દ્ર–પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સમયસાર ગા. ૧૭–૧૮ ઉપરનાં પ્રવચનોમાંથી)

આત્મા દેહથી ભિન્ન એક મહાન ચૈતન્યતત્ત્વ છે. ભાઈ! તારે તારું કલ્યાણ કરવું હોય તો તારો આત્મસ્વભાવ કેવો છે, કેવડો છે, તે ઓળખવું પડશે, આત્માનું સ્વરૂપ અજ્ઞાનથી કે રાગથી માપી શકાય તેવું નથી. અંદર જ્ઞાનવડે આત્માને ઓળખ, તો જ તારા જન્મ–મરણનો અંત આવશે. જેમ રાજાને ઓળખીને તેની સેવા કરતાં ધનના અર્થીને ધનનો લાભ થાય છે તેમ જગતમાં સૌથી શ્રેષ્ઠ એવા આ ચૈતન્યરાજાને ઓળખીને તેની સેવા એટલે કે અનુભવ કરતાં મોક્ષાર્થીને મોક્ષનો લાભ થાય છે.

અરે, 'આત્મા શુદ્ધ છે, બુદ્ધ છે, નિર્વિકલ્પ છે, ઉદાસીન છે' એવી અધ્યાત્મવિદ્યાના સંસ્કાર તો અગાઉ બાળકને પારણામાં હીંચોળતા–હીંચોળતાં માતાઓ હાલરડામાં સંભળાવતી હતી. બાળ–ગોપાળ બધાય જીવો આવા શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ છે, તેના સંસ્કાર નાંખીને તેની ઓળખાણ કરવા જેવું છે. ભાઈ, તું શુભાશુભરાગનું સેવન અનાદિથી કરી રહ્યો છે, પણ તેમાંથી જરાય સુખ તને ન મળ્યું. સુખનો ભંડાર તો આ ચૈતન્યરાજા પાસે છે, તેને ઓળખીને તેની સેવા કર, તેની શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ કર તો તને સુખની પ્રાપ્તિ થશે.

આત્માને કેવો અનુભવવો! તે વાત આ સમયસારમાં સમજાવી છે; તેમાં આ ૧૭–૧૮ મી ગાથા વંચાય છે. વાત તો આત્માના અનુભવની ઘણી ઊંચી છે, પણ જેને સુખી થવું હોય તેણે આ વાત સમજવા જેવી છે. આ સમજ્યે જ સુખની પ્રાપ્તિ થાય તેમ છે; બાકી તો બધુંય મૃગજળમાં ફાંફાં મારવા જેવું છે.

જેણે પોતાનું હિત કરવું હોય ને સુખી થવું હોય તેણે પહેલાં તો એમ નિર્ણય કરવો જોઈએ કે હું આ દેહથી જુદો એક આત્મા છું. પૂર્વજન્મમાં પણ હું જ હતો; ને આ દેહ છૂટયા પછી પણ હું જ રહેવાનો છું. અરેરે, જીવ પોતાને ભૂલીને જગતના પાપમાં રચ્યો–પચ્યો રહે છે, જગતના પદાર્થોની રુચિ ને કિંમત કરે છે, ને પોતાની કિંમત ભૂલીને દુઃખી થાય છે. પણ હું પોતે ચૈતન્યરાજા છું, મારા અનંતગુણોના વૈભવથી રાજતો–શોભતો ચૈતન્યરાજા હું છું–એમ પોતાની ઓળખાણ કરીને તેનો મહિમા અને અનુભવ કરતાં અતીન્દ્રિયસુખનો અનુભવ થાય છે. ભાઈ, અનંતકાળ સુધી સુખ મળે એવા સુખનો પંથ, સંતો તને દેખાડે છે, તે પંથને ઓળખીને મોક્ષનગરીમાં જવાનો આ અવસર છે.

અરે, એક ગામથી બીજે ગામ જવું હોય તોપણ લોકો રસ્તામાં ભાતું ભેગું લઈ જાય છે; તોપછી આ ભવ છોડીને પરલોકમાં જવા માટે આત્માની ઓળખાણનું કાંઈ ભાતું લીધું? આત્મા કાંઈ આ ભવ જેટલો નથી; આ ભવ પૂરો કરીને પછી પણ આત્મા તો અનંતકાળ અવિનાશી રહેવાનો છે; તો તે અનંતકાળ તેને સુખ મળે તે માટે કાંઈ ઉપાય તો કર. આવો મનુષ્યઅવતાર ને સત્સંગનો આવો અવસર મળવો બહુ મોંઘો છે. આત્માની દરકાર વગર આવો અવસર ચુકી જઈશ તો ભવભ્રમણના દુઃખથી તારો છૂટકારો ક્યારે થશે? અરે, તું તો ચૈતન્યરાજા! તું પોતે આનંદનો નાથ! ભાઈ, તને આવા દુઃખ શોભતા નથી. અજ્ઞાનથી, જેમ રાજા પોતાને ભૂલીને ઊકરડામાં આળોટે તેમ, તું તારા ચૈતન્યસ્વરૂપને ભૂલીને રાગના ઉકરડામાં આળોટી રહ્યો છે, પણ એ તારું પદ નથી; તારું પદ તો ચૈતન્યથી શોભતું છે, ચૈતન્યહીરા જડેલું તારું પદ છે, તેમાં રાગ નથી. આવા સ્વરૂપને જાણતાં તને મહા આનંદ થશે.

અહા, આત્માને રાજાની ઉપમા આપીને ઓળખાવ્યો. રાજા એને કહેવાય કે જે સ્વાધીન હોય, જેને કોઈ બીજાની સેવા કરવાનું ન હોય, પરાધીનતા ન હોય. તે એવા પુણ્ય લઈને આવ્યા હોય કે કુદરતે તેના રાજમાં સાચાં મોતી વગેરે વૈભવ પાકે ને અનાજના ઢગલા થાય; એવા રાજાની સેવા કરતાં તે પ્રસન્ન થઈને સેવા કરનારને ઈચ્છિત ધન આપે. રાજાના પુણ્ય વિશિષ્ટ હોય છે, તેનાં રાજલક્ષણો વડે તે બીજા કરતાં જુદા તરી આવે છે. તેમ આ આત્મા તો ચૈતન્યઋદ્ધિનો સ્વામી પરમાર્થ રાજા છે; તે સ્વાધીન છે, પોતે જ સ્વયં સુખસ્વભાવી છે; તેને સુખ માટે કોઈ બીજાની સેવા કરવાનું નથી, સુખ માટે કોઈ બાહ્યવિષયોનું કે રાગનું સેવન કરવું પડે એવી પરાધીનતા તેને નથી. ચૈતન્યરાજા પોતે સહજસ્વભાવે જ જ્ઞાન ને આનંદસ્વરૂપ છે; તેની સેવા કરતાં સમ્યગ્દર્શનાદિ

સાચાં મોતી પાકે ને અતીન્દ્રિય આનંદના ઢગલા થાય–એવો આ ચૈતન્યરાજા છે. આ ચૈતન્યરાજાને તેનાં લક્ષણોથી ઓળખીને તેની સેવા કરતાં, તે પ્રસન્ન થઈને મોક્ષસુખ આપે છે. ચૈતન્યના અનુભવરૂપ ખાસ લક્ષણ વડે આ ચૈતન્યરાજા ઓળખાય છે ભાઈ, તું અંદર જો! અંદરમાં જે 'આ ચૈતન્ય...ચૈતન્ય...' એમ અનુભવાઈ રહ્યું છે તે જ તું છો. મોક્ષનો અર્થી થઈને અંતરમાં આવા આત્માને શોધ.

અરે, આ ભવદુઃખનો હવે મને થાક લાગ્યો છે; જગતની મોટાઈ મારે નથી જોઈતી, મારે તો આત્માની મુક્તિ જોઈએ છે.—એમ વિચારીને, આત્માનો અર્થી થઈને જે શોધે તેને આત્માનો પત્તો લાગે તેવું છે.—

**એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુયોગ;**
**કામ એક આત્માર્થનું બીજો નહિ મન રોગ.**

આ તો જેને આત્મા જોઈતો હોય તેની વાત છે. આ ચારગતિના અવતાર મારે હવે ન જોઈએ; સંસારના વૈભવમાં ક્યાંય મારું સુખ નથી; મારે તો મારા આત્માનો અનુભવ જોઈએ, તે અનુભવમાં જ મારું સુખ છે.—આમ મોક્ષાર્થી થઈને હે જીવ! તું તારા આત્માને શોધ. ચૈતન્યના વેદનરૂપ સ્વલક્ષણ વડે તેને ઓળખ.

અરે, ચૈતન્યનું કલ્યાણ સાધવા જે જાગ્યો તેને આ જગતની પ્રતિકૂળતા કેવી? અનંતી પ્રતિકૂળતાના ગંજ ભલે હો, પણ અંદર મારું ચૈતન્યતત્ત્વ આનંદનું ધામ છે –એમ જે અંદર ઊતરે છે તે મોક્ષના પરમસુખને અનુભવે છે. 'અહા, આવો અનુભવ અમે કર્યો છે.' હે માતા! આવા અનુભવની સાક્ષીથી કહીએ છીએ કે હવે સંસારમાં ફરી અવતાર ધારણ નહિ કરીએ; અંતરમાં જોયેલા આત્માના પૂર્ણ આનંદને સાધીને હવે મોક્ષમાં જઈશું.—માટે હે માતા! તું પ્રસન્ન થઈને આનંદથી રજા આપ!–એમ નાના–નાના બાળકો પણ માતાની રજા લઈને મોક્ષને સાધવા વનમાં ચાલ્યા જાય છે, ને આત્માના આનંદના અનુભવમાં ઝુલતાં ઝુલતાં મોક્ષને સાધે છે.

આવા મોક્ષને સાધવાની જેને જિજ્ઞાસા થાય તેને તેની રીતે આચાર્યદેવે આ સમયસારમાં બતાવી છે. અંદર ચૈતન્યસ્વરૂપે પોતે પોતાને ઓળખતાં અને શ્રદ્ધા કરતાં જ રાગના વેદનથી જુદો પડીને આત્મા પોતાને આનંદસ્વરૂપે અનુભવે છે. આવા અનુભવ વડે જ જન્મ–મરણના ફેરા બંધ થાય છે, ને આત્મા મોક્ષને સાધે છે.

આત્માની પર્યાયમાં અનેક ભાવો મિશ્ર છે; ચેતનભાવ અને રાગાદિ ભાવો –એવા અનેકભાવો અનુભવાય છે, તેમાં એક વિવેક કરવો કે આમાં જે ચેતનભાવપણે અનુભવાય છે તે હું છું, ને જે રાગાદિ પુણ્ય–પાપપણે અનુભવાય છે તે મારું સ્વરૂપ નથી.–આમ ચેતનની અનુભૂતિ સ્વરૂપે પોતાને જાણીને શ્રદ્ધા કરવી કે 'આ અનુભૂતિ જ હું છું' –તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે; આવા જ્ઞાન–શ્રદ્ધાનપૂર્વક આત્મામાં નિઃશંક સ્થિતિ થાય છે. –આ રીતે સાધ્ય આત્માની સિદ્ધિ થાય છે; બીજી કોઈ રીતે આત્માની સિદ્ધિ થતી નથી.

બાપુ! અત્યારે એકાગ્ર થઈને તારા આત્માની વાત તો સાંભળ! આત્માની વાત સાંભળવા ટાણે તારું ચિત્ત બહારમાં આડુંઅવળું ભમાવીશ તો આત્માનું સ્વરૂપ તું ક્યારે સમજીશ? અહા, આવો અચિંત્ય આત્મા, વાણીથી અગોચર, તેનું સ્વરૂપ અનુભવમાં લેવા માટે તો ઉપયોગ કેટલો એકાગ્ર કરવો જોઈએ? જેનું ભાન થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે તેના મહિમાની શી વાત! અરે, એકવાર આવા આત્માને લક્ષમાં તો લે! જેની જાત પાપ અને પુણ્ય બંનેથી જુદી, જગતના કોઈ પદાર્થ સાથે જેની સરખામણી ન થઈ શકે–એવો આત્મભગવાન તું પોતે, તેને જ્ઞાનમાં લેતાં જ અતીન્દ્રિય આનંદનો મહાન સ્વાદ આવે છે. જેમ શેરડીમાં મીઠો રસ ભર્યો છે, શેરડી પોતે જ મીઠી છે, તેમ ચૈતન્યસ્વરૂપ આત્મા પોતે આનંદરસમય છે, એનામાં સર્વત્ર આનંદ જ ભર્યો છે. જેને જાણતાં જ આનંદનાં અપૂર્વ ઝરણાં ઝરે, ને ભવના દુઃખ છૂટી જાય. રાગથી પાર વીતરાગી સુખનો ભંડાર આત્મા પોતે છે.

બાપુ! શું તને પરભાવનાં દુઃખ નથી લાગ્યા? શું તને સંસારભ્રમણનો થાક નથી લાગ્યો? જો થાક લાગ્યો હોય તો તે પરભાવથી જુદું તારું ચૈતન્યતત્ત્વ આનંદનું ધામ છે તેમાં આવીને વિસામો લે. ચૈતન્યતત્ત્વને જાણતાં જ અનંતકાળના તારા થાક ઊતરી જશે, ને ચૈતન્યનું અપૂર્વ સુખ તને અનુભવમાં આવશે. અરે, એકવાર તારા સ્વરૂપને ઝાંખીને જો તો ખરો; બહારના વિષયોને તું અનુસરી રહ્યો છે, તેમાં તો દુઃખ છે, તેને બદલે તારા આનંદસ્વરૂપને અનુસર, ને તેનો અનુભવ કર, તો તને મહા આનંદ થશે. 'અનુભવીને એટલું રે...આનંદમાં રહેવું રે...ભજવા પરિબ્રહ્મને, બીજાું કાંઈ ન કહેવું રે...' ભાઈ, કરવા જેવું તો આ છે. પરમબ્રહ્મ આ આત્મા પોતે છે, તેને ઓળખીને તેને ભજવો. આખો ચૈતન્યના આનંદનો પહાડ તું પોતે છે, પણ રાગમાં

એકતા આડે તને રાગથી જુદું તારું મહાન તત્ત્વ દેખાતું નથી. તને પુણ્ય–પાપ દેખાય છે, બહારની બીજી વસ્તુઓ દેખાય છે, ને તારો ચિદાનંદ આત્મા જ તને નથી દેખાતો ? બધાને દેખનારો તારો આત્મા જ તને નથી દેખાતો ? અરે, આશ્ચર્યની વાત છે કે પોતે જ પોતાને નથી દેખાતો ! ભાઈ, અજ્ઞાનથી તું બહુ દુઃખી થયો, છતાં તને તારી દયા નથી આવતી ? તને તારી ખરી દયા આવતી હોય, ને તારા આત્માને દુઃખથી છોડાવવો હોય તો પહેલાં તારા આત્માના અનુભવનું કામ કર. બીજા બધાનો પ્રેમ છોડીને, ચૈતન્યસ્વરૂપ આત્મા પોતે કેવો છે તેને ઓળખીને તારા આત્માને આ ભવના ભયંકર દુઃખોથી બચાવ ! ભાઈ, ભવદુઃખથી આત્માને છોડાવવાનો આ અવસર છે. આત્માનું સાચું સ્વરૂપ લક્ષમાં લેતાં તારા સ્વઘરના ચૈતન્યખજાના ખૂલી જશે; અહો ! આવી મારી ચીજ ! આવો આનંદધામ હું પોતે ! મારો આત્મા કોઈ અદ્‌ભુત છે !–એ જ મારે ઠરવાનું સ્થાન છે.–એમ તને ભાન અને પ્રતીત થતાં તેમાં જ તું નિઃશંકપણે ઠરીશ. આ રીતે તને તારા સાધ્યરૂપ શુદ્ધ આત્માની સિદ્ધિ થશે.—આ મુક્તિનો ઉપાય છે. જે ભગવંતોની અહીં સ્થાપના થાય છે તે ભગવંતોએ આવા ઉપાયથી આત્માને સેવીને મુક્તિ પ્રાપ્ત કરી છે, ને જગતના આત્માર્થી જીવોને આવો જ માર્ગ ઉપદેશ્યો છે. હે આત્માના અર્થી જીવો ! તમે આવા માર્ગને ઓળખીને તેનું સેવન કરો...એટલે રાગાદિથી પાર ચૈતન્યતત્ત્વ જેવું છે તેવું ઓળખીને, શ્રદ્ધામાં લઈને તેનો અનુભવ કરો...જેથી જન્મ–મરણથી છૂટીને તમે આત્માના પરમ આનંદને પામશો.

રે જીવ ! આવો આ મનુષ્ય અવતાર ને સત્સંગનો અવસર મળ્યો છે તેમાં તું ચેત...ચેત ! તારા આત્માના હિતનો ઉદ્યમ કર...કેમકે ફરી ફરી આવો અવસર મળવો દુર્લભ છે. માટે દુનિયાની ઝંઝટમાંથી નીકળી જા...દુનિયાનું જેમ થવું હોય તેમ થાય...તેની ઉપેક્ષા કરીને તું તારું હિત કરી લે. તારા હિતની રીત સન્તો તને બતાવે છે.

# ચૈતન્યની મીઠી-મધુરી ચર્ચા

## ચૈતન્યરસ અત્યંત મધુર છે...તેની ચર્ચા મુમુક્ષુને આનંદ ઉપજાવે છે

પ્રશ્નઃ–દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદના વિચારમાં પણ મિથ્યાત્વ છે, તે કઈ રીતે ?

ઉત્તરઃ–ભેદના વિચાર તે કાંઇ મિથ્યાત્વ નથી; એવા ભેદવિચાર તો સમ્યગ્દૃષ્ટિનેય હોય; પણ તે ભેદવિચારમાં જે રાગરૂપ વિકલ્પ છે તે વિકલ્પને લાભનું કારણ માનીને તેમાં જે જીવ એકત્વબુદ્ધિ કરીને અટકે છે તેને મિથ્યાત્વ છે–એમ જાણવું. એકત્વબુદ્ધિ વગર ભેદવિકલ્પ તે મિથ્યાત્વ નથી, તે અસ્થિરતાનો રાગ છે.

પ્રશ્નઃ–ગુણભેદના વિચારથી પણ મિથ્યાત્વ ન ટળે, તો મિથ્યાત્વને ટાળવું કેમ ?

ઉત્તરઃ–જે શુદ્ધવસ્તુમાં રાગ કે મિથ્યાત્વ છે જ નહિ–એ શુદ્ધવસ્તુમાં પરિણામ તન્મય થતાં મિથ્યાત્વ ટળે છે. બીજા કોઈ ઉપાયથી મિથ્યાત્વ ટળે નહિ. ગુણભેદનો વિકલ્પ પણ શુદ્ધવસ્તુમાં ક્યાં છે!–નથી; તો તે શુદ્ધવસ્તુની પ્રતીત ગુણભેદના વિકલ્પની અપેક્ષા રાખતી નથી. શુદ્ધવસ્તુમાં વિકલ્પ નથી, ને વિકલ્પમાં વસ્તુ નથી. બંનેની ભિન્નતા જાણતાં પરિણતિ વિકલ્પથી ખસીને (છૂટી પડીને) સ્વભાવમાં આવી ત્યાં સમ્યક્ત્વ થયું ને મિથ્યાત્વ ટળ્યું.—આ મિથ્યાત્વ ટાળવાની રીત છે. તે માટે, વિકલ્પ કરતાં ચિદાનંદસ્વભાવનો અનંતો મહિમા ભાસીને તેનો અનંતો રસ આવવો જોઈએ.–એમ કરવાથી પરિણામ તેમાં તન્મય થાય છે.

પ્રશ્નઃ–એક સમયની પર્યાયનો બીજા સમયે વ્યય થાય છે, –વ્યય એટલે શું ?

ઉત્તરઃ–પર્યાયનો સ્વભાવ એવો છે કે તેનું અસ્તિત્વ એક સમય જ રહે, પછીના સમયે તે ન રહે; એનું નામ 'વ્યય' છે. દ્રવ્ય ત્રિકાળ છે, પર્યાય એકસમયપૂરતી છે; એટલે દ્રવ્યથી જોતાં વસ્તુ નિત્ય દેખાય છે ને પર્યાયથી જોતાં વસ્તુ અનિત્ય દેખાય છે;–આમ વસ્તુ અનેકાન્તસ્વરૂપ છે.

પ્રશ્નઃ–નવતત્ત્વને જાણવા તે સમ્યગ્દર્શન છે, કે શુદ્ધજીવને જાણવો તે સમ્યગ્દર્શન છે ?

ઉત્તરઃ–નવ તત્ત્વોને યથાર્થપણે જાણતાં તેમાં શુદ્ધજીવનું જ્ઞાન પણ ભેગું આવી જ જાય છે; ને શુદ્ધજીવને જાણે તો તેને નવ તત્ત્વનું પણ યથાર્થજ્ઞાન જરૂર હોય છે. –આ રીતે નવતત્ત્વનું જ્ઞાન તે સમ્યગ્દર્શન કહો, કે શુદ્ધજીવનું જ્ઞાન તે સમ્યક્ત્વ કહો; તે બંને એક જ છે. (જ્ઞાન કહેતાં તે જ્ઞાનપૂર્વકની પ્રતીત, તેને સમ્યગ્દર્શન સમજવું.)

–આમાં એક વિશેષતા એ કે, સમ્યક્ત્વ પ્રગટવાની અનુભૂતિના કાળે નવ તત્ત્વો ઉપર લક્ષ નથી હોતું, ત્યાં તો શુદ્ધજીવ ઉપર જ મીટ હોય છે. ને 'આ હું' એવી જે નિર્વિકલ્પપ્રતીતિ છે તેના ધ્યેયભૂત એકલો શુદ્ધ આત્મા જ છે.

પ્રશ્નઃ– નિર્વિકલ્પ અનુભૂતિમાં મનનો સંબંધ છૂટી ગયો છે–એ વાત કેટલા ટકા સાચી ?

ઉત્તરઃ–સો એ સો ટકા સાચી; જે નિર્વિકલ્પતારૂપ પરિણમન છે તેમાં તો મનનું અવલંબન જરાપણ નથી, તેમાં તો મનનો સંબંધ તદ્દન છૂટી ગયો છે. તે વખતે અબુદ્ધિપૂર્વક જે રાગાદિ પરિણમન હોય તેમાં મનનો સંબંધ છે.

પ્રશ્નઃ–જીવ કયા વેદથી મોક્ષ પામે ?

ઉત્તરઃ–પુરુષવેદ, સ્ત્રીવેદ કે નપુંસકવેદ–એ ત્રણેય વેદનો અભાવ કરે ત્યારે જીવ મોક્ષ પામે; કોઈપણ વેદ હોય ત્યાં સુધી જીવ મોક્ષ ન પામે. આ ભાવવેદની અપેક્ષાએ સમજવું.

અને, મોક્ષગામી જીવને અંતિમ ભવે દ્રવ્યવેદમાં પુરુષવેદ જ હોય છે; પરંતુ તેનોય જ્યારે અભાવ થાય છે ત્યારે મોક્ષ થાય છે, કેમકે શરીરને સાથે રાખીને મોક્ષ થાય નહિ.

આ રીતે, કોઈ પણ વેદથી મોક્ષ થતો નથી. જ્યાં સુધી વેદ છે ત્યાં સુધી મોક્ષ નથી. મોક્ષ પામનારો જીવ સમસ્ત વેદથી રહિત, અવેદી હોય છે. એટલે 'મોક્ષ' તત્ત્વ શોધવું હોય તો અવેદમાર્ગણામાં શોધી શકાય. વેદમાં તે મળે નહિ.

માર્ગણા એટલે શું ?

માર્ગણા એટલે જીવને શોધવાનાં પ્રકારો; જ્યાં જ્યાં જીવ મળે તેવા સ્થાનોને માર્ગણાસ્થાન કહેવાય છે.

માર્ગણાસ્થાન કેટલાં છે?

માર્ગણાસ્થાનો મુખ્યપણે ૧૪ છે.—( તે દરેક માર્ગણા, તથા તેના પેટા ભેદ નીચે કૌંસમાં બતાવ્યા છે–

૧ ગતિ ૪+૧ ( ચારગતિ, તથા એક સિદ્ધગતિ )

૨ ઇન્દ્રિય ૫+૧ ( એકેન્દ્રિથી પંચેન્દ્રિય; તથા અતીન્દ્રિય )

૩ કાય ૬+૧ ( પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવર તથા ત્રસ એ છકાય, તથા એક અકાય )

૪ જોગ ૧૫+૧ ( ૪ મનના, ૪ વચનના, ૭ કાયાના, કુલ ૧૫ યોગ, અને એક અયોગ )

૫ વેદ ૩+૧ ( સ્ત્રી–પુરુષ–નપુંસક ત્રણ વેદ, તથા એક અવેદ )

૬ કષાય ૪+૧ ( ક્રોધાદિ ૪ કષાય, તથા એક અકષાય )

૭ જ્ઞાન ૮ ( મતિ આદિ પાંચ સમ્યગ્જ્ઞાન, ત્રણ અજ્ઞાન )

૮ સંયમ ૭+૧ ( ૧ અસંયમ, ૧ સંયમાસંયમ, ૫ સંયમ કુલ ૭; તથા ૧ સંયમ–અસંયમ બંનેથી પાર )

૯ દર્શન ૪ ( ચક્ષુ–અચક્ષુ આદિ )

૧૦ લેશ્યા ૬+૧ ( કૃષ્ણ–નીલ–કાપોત, પ્રીત–પદ્મ–શુક્લ છ લેશ્યા; ૧ અવલેશ્યા )

૧૧ ભવ્યત્વ ૨+૧ ( ભવ્ય તથા અભવ્ય; તથા તે બંનેથી પાર )

૧૨ સમ્યક્ત્વ ૬ ( ત્રણ સમ્યક્ત્વ; મિશ્ર, સાસાદન તથા મિથ્યાત્વ )

૧૩ સંજ્ઞિત્વ ૨+૧ ( સંજ્ઞી, અસંજ્ઞી; સંજ્ઞા–અસંજ્ઞા બંનેથી પાર )

૧૪ આહાર ૨ ( આહારક, અનાહારક )

ઉપર મુજબ ૧૪ માર્ગણા છે. કઈ કઈ માર્ગણામાં કયાકયા ગુણસ્થાનવાળા જીવો હોય? તેની સંખ્યા કેટલી? તેનું ક્ષેત્ર કેટલું? તેનો કાળ કેટલો? અને તેના ભાવો કયા? વગેરેનું વિસ્તારપૂર્વક વર્ણન ‘ષટખંડાગમ’ વગેરે સિદ્ધાંતગ્રંથોમાં છે.

પ્રશ્નઃ–૧૪ માર્ગણાઓમાંથી કઈ કઈ માર્ગણાઓ ‘નિરંતર’ છે? અને કઈ માર્ગણાઓ ‘સાંતર’ છે?

ઉત્તરઃ–પ્રથમ નિરંતર અને સાંતરની વ્યાખ્યાઃ જે ગતિ વગેરે માર્ગણામાં કોઈને કોઈ જીવ સદાય વિદ્યમાન હોય, જીવ વગરની ખાલી ન હોય, તે માર્ગણાને ‘નિરંતર’

કહેવાય છે; અને જે માર્ગણામાં જીવ ક્યારેક હોય, ક્યારેક ન પણ હોય–તેને 'સાંતર' ( અંતરસહિત ) કહેવાય છે.

સામાન્યપણે તો બધી માર્ગણા નિરંતર છે; પણ વિશેષપણે જોતાં માર્ગણાના પેટા પ્રકારોમાંથી નીચેના આઠ પ્રકારો સાંતર છે—

( ૧ ) અપર્યાપ્ત મનુષ્યગતિ; ( ૨ ) વૈક્રિયિકમિશ્રકાયયોગ;

( ૩ ) આહારકકાયયોગ; ( ૪ ) આહારકમિશ્રકાયયોગ;

( ૫ ) સૂક્ષ્મસાંપરાય સંયત; ( ૬ ) ઉપશમ સમ્યક્ત્વ;

( ૭ ) સાસાદન સમ્યક્ત્વ; ( ૮ ) સમ્યક્મિથ્યાત્વ

( આ આઠ માર્ગણાસ્થાનોમાં જીવો ક્યારેક હોય છે, ને ક્યારેક તે માર્ગણવાળો કોઈ પણ જીવ જગતમાં હોય જ નહિ, તેથી તે આઠ પ્રકારો અંતરસહિત છે. )

માર્ગણામાં જીવને શોધવાની રીતઃ ( એક દૃષ્ટાંત– ) જેમકે ગતિમાર્ગણા, તેમાં—

- નરકગતિમાં જીવ છે ?...હા.
- નરકગતિમાં કેટલા જીવ છે ? અસંખ્યાત જીવ છે.
- નરકગતિના જીવોનું ક્ષેત્ર કેટલું છે ? લોકના સંખ્યાતમા ભાગનું ક્ષેત્ર છે.
- નરકગતિના જીવોનો કાળ કેટલો છે ? સામાન્યપણે અનાદિઅનંત; વિશેષપણે એક જીવનો કાળ દશ હજાર વર્ષથી માંડીને ૩૩ સાગરોપમ સુધી.
- નરકગતિના જીવોને ભાવ કયા કયા હોય છે ? ઔદયિકાદિ પાંચે ભાવો સંભવે છે. એ રીતે સત્, સંખ્યા વગેરે આઠ બોલથી દરેકનું વર્ણન થાય છે.

( એ જ રીતે મનુષ્યગતિ દેવગતિ વગેરેમાં પણ ઊતરવાનું. ) એ પ્રમાણે સામાન્ય વર્ણન કરીને પાછા તેના પેટાભેદમાં દરેક બોલ લાગુ પાડવા–જેમકે પહેલી નરકમાં જીવ છે ? કેટલા જીવ છે ? કેટલું ક્ષેત્ર છે ? કેટલો કાળ છે ? વગેરે.

વળી માર્ગણા સાથે ગુણસ્થાનોનું પણ વર્ણન કર્યું છેઃ કયા ગુણસ્થાને કઈ કઈ માર્ગણા સંભવે ? તથા કઈ માર્ગણામાં કયાકયા ગુણસ્થાન સંભવે ? વગેરે ઘણા પ્રકારથી વિસ્તારપૂર્વક વર્ણન સિદ્ધાંતગ્રંથોમાં કર્યું છે; તે સર્વજ્ઞતાની પ્રતીત કરાવનારું અને વીતરાગતા પોષક છે. કોઈવાર એ સિદ્ધાંતગ્રંથોમાંથી મહત્ત્વના વિષયોનું દોહન આત્મધર્મમાં આપવાની ભાવના છે.

માર્ગણાસ્થાનોની જેમ ગુણસ્થાનોમાં પણ નિરંતર અને સાંતરના ભાગ આ પ્રમાણે છે—૧, ૪, ૫, ૬, ૭, ૧૩, ૧૪ આ સાત ગુણસ્થાનો તો નિરંતર છે, તે ગુણસ્થાનવાળા કોઈ ને કોઈ જીવ જગતમાં સદાય હોય જ છે, તેનો કદી વિરહ નથી; અને બાકીનાં ૨, ૩, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ એ સાત ગુણસ્થાનો સાંતર છે.

પ્રશ્નઃ–ભેદજ્ઞાનની રીત અટપટી અઘરી લાગે છે તો શું કરવું ?

ઉત્તરઃ–વારંવાર દ્રઢપણે અતિશય પ્રેમથી તેનો અભ્યાસ કરતાં તે જરૂર સુગમ થઈ જાય છે. ભેદવિજ્ઞાન કરીકરીને અનંતા જીવો મુક્તિ પામ્યા, તે જીવો આપણા જેવા જ હતા, તો તેમણે જે કર્યું તે આપણાથી પણ થઈ શકે તેવું છે. ખરી ધગશથી તેનો અભ્યાસ કરવો જોઈએ. અટપટું તો છે પણ અશકય નથી, એટલે તેના ખરા પ્રયત્નથી તે જરૂર થઈ શકે તેવું છે. સાચી સમજણથી માર્ગ સરળ થઈ જાય છે.

રાગ અને જ્ઞાન વચ્ચે સૂક્ષ્મ સાંધ છે, તેઓ કાંઈ સાંધ વગરના એકમેક થઈ ગયા નથી, માટે પ્રજ્ઞાછીણીના વારંવાર અભ્યાસવડે તેમને ભિન્ન પાડીને શુદ્ધજ્ઞાનને અનુભવી શકાય છે. માટે નિરંતર ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો.

પ્રશ્નઃ–જાતિસ્મરણજ્ઞાન કયારે થાય ?

ઉત્તરઃ–એ જ્ઞાન જેને પૂર્વભવના તે પ્રકારના સંસ્કાર હોય તેને થાય છે. પણ મુમુક્ષુને મુખ્યતા આત્મજ્ઞાનની છે, જાતિસ્મરણની મુખ્યતા નથી. મોક્ષનું કારણ આત્મજ્ઞાન છે, જાતિસ્મરણજ્ઞાન મોક્ષનું કારણ નથી. ધર્મસંબંધી જાતિસ્મરણજ્ઞાન હોય તો તે વૈરાગ્યનું કે સમ્યક્ત્વાદિનું નિમિત્ત થાય છે. પણ ભાવના અને પ્રયત્ન આત્મજ્ઞાનનો હોય, જાતિસ્મરણનો નહીં.

જાતિસ્મરણ તો ભવને જાણે છે; એકલું જાતિસ્મરણજ્ઞાન મોક્ષનું કારણ થતું નથી. સ્વાનુભવ જ્ઞાન વડે આત્માની સ્વજાતને જાણવી તે પરમાર્થ જાતિસ્મરણ છે, તે મોક્ષનું કારણ છે.

પ્રશ્નઃ–દર્શનમોહની એક પ્રકૃતિનું નામ ‘સમ્યક્ત્વપ્રકૃતિ’ કેમ છે ?

ઉત્તરઃ–કેમકે તેના ઉદયની સાથે ‘સમ્યક્ત્વ’ પણ હોય છે, એટલે સમ્યક્ત્વની સહચારિણી હોવાથી તેનું નામ ‘સમ્યક્ત્વપ્રકૃતિ’ પડયું. ક્ષાયોપશમિક સમ્યક્ત્વની સાથે તેનો ઉદય હોય છે.

પ્રશ્નઃ–ધર્મનો મર્મ શું છે?

ઉત્તરઃ–આત્મા પોતાના સ્વભાવસામર્થ્યથી પૂરો છે ને પરથી અત્યંત જુદો છે –એમ સ્વ–પરની ભિન્નતા જાણીને, સ્વદ્રવ્યના અનુભવથી આત્મા શુદ્ધતાને પામે તે ધર્મનો મર્મ છે.

પ્રશ્નઃ–કેવળજ્ઞાનીના શરીરમાં નિગોદજીવો હોય?

ઉત્તરઃ–ના; કેવળીનું શરીર પરમ ઔદારિક છે, તેના આશ્રયે નિગોદના જીવો ન હોય. પરમ ઔદારિક શરીર, આહારક શરીર, દેવ તથા નારકીનાં વૈક્રિયિકિ શરીર, પૃથ્વી–અપ્–તેજ–વાયુકાય, એ આઠ સ્થાનોનાં આશ્રયે નિગોદજીવો નથી. (સૂક્ષ્મનિગોદ તો જગતમાં સર્વત્ર છે, તે કોઈના આશ્રયે નથી. બાદરનિગોદજીવો ઉપરોક્ત સ્થાનના આશ્રયે હોતાં નથી; તે ક્ષેત્રે ભલે હો.)

પ્રશ્નઃ–જીવ અત્યારે જે પુણ્ય–પાપ કરે છે તેનું ફળ ક્યારે મળે?

ઉત્તરઃ–કરેલા પુણ્ય–પાપનું ફળ કોઈ જીવને આ ભવમાં જ પણ મળે છે ને કોઈને પછીના ભવમાં મળે છે.

કોઈને પુણ્યભાવના બળે કે પવિત્રતાના બળે પૂર્વનાં પાપ પલટીને પુણ્યરૂપ પણ થઈ જાય છે; એ જ રીતે તીવ્રપાપથી કોઈને પૂર્વનાં પુણ્ય–પલટીને પાપરૂપ પણ થઈ જાય છે.

પુણ્ય–પાપનાં પરિણામનો (કલુષતા–અશાંતિનો) ભોગવટો તો તે પરિણામ વખતે જ જીવને થતો હોય છે, તેની આકુળતાને તે વખતે જ તે વેદે છે.

કોઈ જીવ શુદ્ધતાના બળે, પૂર્વે બાંધેલા પાપકર્મને ફળ આવ્યા પહેલાં જ છેદી નાંખે છે.

પ્રશ્નઃ–એક છૂટો પરમાણુ આંખથી કે બીજા કોઈ (દૂરબીન વગેરે) સાધનથી જોઈ શકાય ખરો?

ઉત્તરઃ–ના; મૂર્ત હોવા છતાં પાંચઈન્દ્રિય સંબંધી જ્ઞાનનો તે વિષય નથી; અવધિજ્ઞાન વડે પરમાણુને જાણી શકાય. પણ બહારનાં કોઈ સાધનથી અવધિજ્ઞાન થતું નથી. અવધિજ્ઞાન આંખવડે પણ જણાતું નથી.

પરમાણુને જાણે એવું સૂક્ષ્મ અવધિજ્ઞાન જ્ઞાનીને જ થાય છે, અજ્ઞાનીને તેવું અવધિજ્ઞાન થતું નથી. એટલે, એકત્વરૂપ પરમ–આત્માને જે જાણે તે જ એક પરમાણુને જાણી શકે.

અવધિજ્ઞાન સિવાય જિનાગમ દ્વારા પરમાણુના યથાર્થસ્વરૂપનો નિર્ણય થઈ શકે છે, –તે પરોક્ષજ્ઞાન છે.

પ્રશ્ન–

**પડયો હતો ભ્રાંતિમાં કે આત્મા પરથી અભિન્ન છે;**
**જાગ્યો હવે જાણી લીધું કે આત્મા સર્વથી ભિન્ન છે.**

–આટલું જાણ્યું, પણ હવે પછી શું?

ઉત્તરઃ–જાણ્યું જ નથી. ખરેખર જેણે આટલું જાણ્યું તેને ‘હવે પછી શું’ એવો પ્રશ્ન રહે નહિ. સ્વ–પરની ભિન્નતા જેણે યથાર્થ જાણી તેની પરિણતિ સ્વ તરફ વળે, અતીન્દ્રિય આનંદને અનુભવે, ને હવે સાદિઅનંત આ જ કરવાનું છે–એમ નિઃસંદેહતા થાય. આમ થાય ત્યારે જ સ્વ–પરને ખરેખર જુદા જાણ્યા કહેવાય. પરિણતિ પરમાં જ રહ્યા કરે ને સ્વમાં ઝુકે નહિ તો તેણે પરથી ભિન્ન જાણી કેમ કહેવાય?

પ્રશ્નઃ–ક્રોધાદિ વિભાવપર્યાયમાં તો બીજું નિમિત્ત હોય, પણ શુદ્ધપર્યાયમાંયે નિમિત્ત હોય?

ઉત્તરઃ–હા; શુદ્ધભાવમાંય કોઈને કોઈ નિમિત્ત હોય છે, કાં દેવ–ગુરુ નિમિત્ત, કાં કાળ નિમિત્ત, કાં દેહાદિ યોગ્ય નિમિત્ત હોય છે. જો કે કાર્ય તો નિમિત્તથી નિરપેક્ષપણે, સ્વયં પોતાથી થાય છે, પણ નિમિત્તનું નિમિત્ત તરીકે અસ્તિત્વ હોય છે.

વિભાવપર્યાયમાં જેમ કર્મનું નિમિત્ત છે તેમ શુદ્ધપર્યાયમાં કર્મ નિમિત્ત નથી; તેમજ તે પર્યાયમાં પરનો આશ્રય નથી તેથી તેને નિરપેક્ષ કહેવાય છે. પણ તેથી કાંઈ પર ચીજ તેમાં નિમિત્ત પણ ન હોય–એમ નથી. સિદ્ધભગવાનનેય કેવળજ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. પર ચીજ નિમિત્ત હોય તે કાંઈ દોષનું કારણ નથી.

પ્રશ્નઃ–એક સાથે વધુમાં વધુ કેટલા જીવો કેવળજ્ઞાન પામે?

ઉત્તરઃ–એકસો ને આઠ.

પ્રશ્નઃ–કોઈને સીધું ક્ષાયિક સમ્યક્ત્વ થાય?

ઉત્તરઃ–ના; ક્ષાયોપશમિક પૂર્વક જ ક્ષાયિક સમ્યક્ત્વ થાય. અનાદિના જીવને પહેલાં ઔપશમિક સમ્યક્ત્વ થાય, ને પછી ક્ષાયોપશમિક પૂર્વક જ ક્ષાયિક થાય–એ નિયમ છે. એટલે, દરેક મોક્ષગામી જીવ ત્રણે પ્રકારના સમ્યક્ત્વને જરૂર પામે જ.

પ્રશ્નઃ–એક તીર્થંકરને એકથી વધુ ગણધરો હોય ?

ઉત્તરઃ–હા; આ ચોવીસીમાં સૌથી વધુ ( ૧૧૦ ) ગણધરો પદ્મપ્રભુને, અને સૌથી ઓછા ( ૧૦ ) ગણધરો પાર્શ્વનાથપ્રભુને હતા. બધાય ગણધરો નિયમથી તે ભવે મોક્ષ પામે છે.

પ્રશ્નઃ–'જિનપદ નિજપદ એકતા' એટલે શું ?

ઉત્તરઃ–જેવું જિનપદ તે જ નિજપદ–એમ કહીને આત્માનો પરમાર્થસ્વભાવ બતાવ્યો છે. જિન જેવા નિજસ્વભાવને જાણે તે જિન થાય. જીવ સમ્યગ્દ્રષ્ટિ થયો ( અથવા સમ્યગ્દર્શન થવા માટેના ત્રણ કરણમાં પ્રવેશ્યો ) ત્યાં તેને 'જિન' કહ્યો છે. પ્રવચનસારમાં, અરિહંતને ઓળખતાં આત્મા ઓળખાય છે–એમ કહ્યું છે, તે પણ જિનપદ અને નિજપદની સમાનતા સૂચવે છે.

પ્રશ્નઃ–આત્માને 'પરમાત્મા' કેમ કહ્યો ?

ઉત્તરઃ–સર્વજ્ઞતારૂપ પરમ ઉત્કૃષ્ટ તેનો સ્વભાવ છે તેથી તે પરમ આત્મા છે.

પ્રશ્નઃ–પરમાત્મા હોવા છતાં તે સંસારમાં કેમ ભટકે છે ?

ઉત્તરઃ–પોતાના પરમાત્મસ્વભાવને ભૂલ્યો છે માટે.

પ્રશ્નઃ–પરમબ્રહ્મના જિજ્ઞાસુને અર્થાત્ મોક્ષના અભિલાષીને કાંઈ કાર્ય કરવાનું રહે છે ?

ઉત્તરઃ–હા; એને જ ખરું કાર્ય કરવાનું છે. પોતાના સ્વભાવનું સમ્યક્ભાન અને તેમાં લીનતા, અર્થાત્ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મહાન કાર્ય એ દરેક જિજ્ઞાસુનું કર્તવ્ય છે. અને આવા પોતાના જ્ઞાનભાવમય કાર્ય સિવાય અન્ય સમસ્ત કાર્યોમાં તેને અકર્તાપણું છે. આ પરમ બ્રહ્મની એટલે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય છે.

પ્રશ્નઃ–જો ઈશ્વર આ જીવને કાંઈ નથી કરતા, તેમજ એકદ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ નથી કરતું, તો જીવને મોક્ષ, સ્વર્ગ, નરક વગેરે કોણ કરે છે ?

ઉત્તરઃ–જીવ પોતે પોતાના તે–તે પ્રકારના ભાવથી મોક્ષાદિકરૂપ થાય છે; પોતે જ પોતાની તેવી પર્યાયોને કરે છે, બીજા કોઈ કર્તા નથી.

પ્રશ્નઃ–અમેરિકાથી એક જિજ્ઞાસુ ભાઈ પૂછાવે છે કે–Soul transfermation from one body to another is possible or not ? if not, why ?

એક શરીરમાંથી બીજા શરીરમાં જીવ જઈ શકે કે નહિ?–જો નહિ, તો શા માટે? ઉત્તરઃ– જીવ જ્યારે કોઈ એક શરીરને છોડીને બીજા શરીરમાં અવતરે છે ત્યારે તે શરીરના સંબંધમાં રહેવાની અમુક ચોક્કસ મુદત (આયુષ) હોય છે, ત્યાં સુધી તે શરીર સાથે રહે છે; તે શરીરમાંથી સર્વથા બહાર નીકળીને બીજે જઈ શકતો નથી; પણ વિક્રિયાના બળે બીજા નવા શરીરો રચીને તે (મૂળ શરીર ઉપરાંત) નવા શરીરમાં પણ જીવ પ્રવેશ પામી શકે છે. આયુષ્ય પૂરું થતાં એક શરીરને તદ્દન છોડીને જીવ બીજા શરીરમાં પ્રવેશ કરે છે.

અને, જો દેહથી દેહથી ભિન્ન આત્માની અત્યંત ભિન્નતા જાણીને મોક્ષને સાધે તો જીવ દેહથી તદ્દન જુદો પડી જાય છે, ને સદાકાળ દેહ વગરનો રહે છે –છતાં પરમ સુખી રહે છે. દેહ વગર જ આત્માના પરમ સુખની સિદ્ધિ એ ભારતની અજોડ અધ્યાત્મવિદ્યા છે, જે અમેરિકામાં નથી. (અમારા અમેરિકા વગેરેના જિજ્ઞાસુ બંધુઓ તેમજ કોલેજના વિદ્યાર્થીઓ અધ્યાત્મવિદ્યાના સંસ્કાર મેળવે તે માટે જૈનબાળપોથીનું ઇંગ્લીશ ભાષાંતર ભાઈશ્રી સુમનભાઈ આર. દોશી દ્વારા તૈયાર થઈ રહ્યું છે–જે થોડા વખતમાં પ્રસિદ્ધ થશે. જૈનસાહિત્યમાં આ બાળપોથીની પાંચ ભાષામાં એક લાખ ઉપરાંત નકલ પ્રસિદ્ધ થઈ ચૂકી છે એ જૈનસાહિત્ય માટેનું એક ગૌરવ છે. આફ્રિકાથી પણ ઇંગ્લીશ જૈનબાળપોથીની એક હજાર નકલનો ઓર્ડર ઘણા વખતથી આવેલ છે.)

પ્રશ્નઃ–શરીર જડ છે, રૂપી છે; આત્મા ચેતન છે, અરૂપી છે; ઇત્યાદિ વસ્તુસ્વરૂપના વિચારો કરવા છતાં શરીર સાથેની એકત્વબુદ્ધિ ટળતી નથી, તો તે ટાળવાનો ખરો ઉપાય શું કરીએ?

ઉત્તરઃ–બંનેનું ખરેખરું વસ્તુસ્વરૂપ જાણે તો ભેદજ્ઞાન થાય ને એકત્વબુદ્ધિ અવશ્ય ટળે. પરંતુ જ્ઞાનમાં જીવ અને શરીરની ભિન્નતાનું યથાર્થ વસ્તુસ્વરૂપ જાણ્યા વિના માત્ર વિચાર કરે તેથી કાંઈ એકત્વબુદ્ધિ છૂટે નહિ. જ્ઞાનમાં વસ્તુસ્વરૂપને બરાબર જાણે તો મિથ્યાબુદ્ધિ છૂટી જ જાય. માટે વિચારદશાને સૂક્ષ્મ બનાવીને, સૂક્ષ્મ ભૂલ ક્યાં રહી જાય છે તે પકડવી જોઈએ. અને ખરા સ્વરૂપનો સ્પષ્ટ નિર્ણય કરવો જોઈએ. સ્પષ્ટ જ્ઞાનવડે પર સાથેની એકત્વબુદ્ધિ જરૂર ટળે છે. જો ન ટળે તો વિચારદશામાં ક્યાંક ઊંડી–ઊંડી ભૂલ છે એમ સમજવું ને ગુરુગમે સાચો નિર્ણય કરવો. [ जयजिनेन्द्र ]

## અમરેલી શહેરમાં

# જિનેન્દ્ર ભગવાનની પ્રતિષ્ઠાનો મંગલ-મહોત્સવ

અમરેલીના અનેક મુમુક્ષુઓની ભાવનાથી ટાવર સામે ચોકમાં શ્રી જિનેન્દ્રભગવાનનું રળિયામણું મંદિર બંધાયું અને ફાગણ સુદ એકમથી પાંચમ સુધી શાંતિનાથ ભગવાન વગેરે જિનભગવંતોની પ્રતિષ્ઠાનો મંગલઉત્સવ, પૂ. ગુરુદેવની મંગલ છાયામાં આનંદ–ઉલ્લાસપૂર્વક ઉજવાયો. મહા વદ ૧૪ના રોજ શ્રી શાંતિનાથ, પાર્શ્વનાથ અને નેમનાથ ભગવંતો અમરેલીમાં પધારતાં ભક્તિભીનું સ્વાગત થયું.

ફાગણ સુદ એકમની સવારમાં પૂ. ગુરુદેવ અમરેલીશહેરમાં પધારતાં ભક્તજનોએ ભાવભીનું સ્વાગત કર્યું. શાંતિનાથ–મંડપમાં જિનેન્દ્ર ભગવાનના દર્શન–પૂજન બાદ મંગલ–પ્રવચનમાં ગુરુદેવે આનંદસ્વરૂપ આત્માનું સ્મરણ કરતાં કહ્યું કે–

જેને જેની પ્રીતિ હોય તે વારંવાર તેને યાદ કરે છે. કોઈ મંગલ ઉત્સવનો પ્રસંગ હોય ત્યારે વહાલા સગાંઓને ખાસ યાદ કરે છે; તેમ અહીં ભગવાન પધારવાના મંગલ–ઉત્સવમાં ધર્મીજીવ વહાલામાં વહાલા એવા આનંદસ્વરૂપ આત્માને યાદ કરે છે. આત્માને ઓળખીને વારંવાર તેનું સ્મરણ કરવું તે મંગળ છે. ધર્મીજીવ કહે છે કે હે પરમાત્મા ! મારા જ્ઞાનના આંગણે આપ પધારો, આપની પધરામણીથી અમારા આંગણા ઉજળા થયા. આ રીતે ભગવાન જેવા પોતાના આનંદસ્વરૂપ આત્માને શ્રદ્ધા–જ્ઞાનમાં બિરાજમાન કરવો તે અપૂર્વ મંગળ છે.–આવા અપૂર્વ મંગળપૂર્વક ભગવાનની પ્રતિષ્ઠાનો ઉત્સવ શરૂ થાય છે.

ફાગણ સુદ બીજઃ આજે સોનગઢમાં સીમંધરનાથપ્રભુની પ્રતિષ્ઠાનો વર્ષગાંઠનો મંગલ દિવસ હતો; ને અમરેલીમાં સીમંધરપ્રભુની મંગલછાયામાં જિનેન્દ્રભગવાનની પ્રતિષ્ઠા વિધિનો મંગલ પ્રારંભ થયો. સવારમાં શશીભાઈ ખારાએ પ્રતિષ્ઠા મંડમાં શ્રી સીમંધરભગવાનને બિરાજમાન કર્યાં; ત્યારબાદ મુકુન્દભાઈ ખારાના સુહસ્તે જૈનધર્મનું ઝંડારોપણ થયું, અને શ્રી સવિતાબેન રસિકલાલ તરફથી પંચપરમેષ્ઠી ભગવાનનું પૂજનવિધાન થયું. બપોરે પૂજનવિધાનની સમાપ્તિપૂર્વક શ્રી જિનેન્દ્રઅભિષેક થયો.

ફાગણ સુદ ત્રીજની સવારમાં નાંદીવિધાન થયું; આનંદપ્રસંગના ચિહ્નરૂપ મંગલ

કલશનું સ્થાપન સૌ. ડો. તરલિકાબેનના સુહસ્તે થયું, તથા ચાર ઇન્દ્ર–ઇન્દ્રાણીની સ્થાપના થઈ; આચાર્યઅનુજ્ઞાની વિધિમાં ભક્તોએ પોતાની ભાવના ગુરુદેવ સમક્ષ વ્યક્ત કરી કે અહો ! આવા વીતરાગી દેવગુરુધર્મની પ્રભાવના માટે, ને ચંચળ લક્ષ્મીનો મોહ ઘટાડવા માટે અમે જિનેન્દ્રદેવની પ્રતિષ્ઠાનો મહોત્સવ કરવા માંગીએ છીએ...તે માટે હે ગુરુ! આજ્ઞા આપો! એ પ્રમાણે ગુરુદેવના મંગલ–આશીષપૂર્વક પ્રતિષ્ઠા–મહોત્સવ શરૂ થયો. ઇન્દ્રોએ યાગમંડલ વિધાનદ્વારા નવ દેવોનું (અરિંહત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જિનાલય, જિનબિંબ, જિનવાણી અને જિનધર્મ–એ નવ દેવો પૂજ્ય છે તેમનું) પૂજન કર્યું.

ફાગણ સુદ ૪ની સવારે પ્રવચન બાદ ઇન્દ્રોનું સરઘસ જિનપૂજન માટે નીકળ્યું, સાથે ૧૦૮ મંગળ કળશો સહિત જલયાત્રા નીકળી હતી; ભક્તિના ઉમંગભર્યા વાતાવરણ સહિત જિનમંદિરે આવ્યા...ભક્તોથી ઊભરાઈ રહેલું મંદિર શોભતું હતું...કાલે તો આ મંદિરમાં જિનેન્દ્રભગવાન બિરાજશે, ને ધર્માત્માઓ ભક્તિભાવથી પ્રભુજીને પૂજશે. સાંજે ઇન્દ્ર–ઇન્દ્રાણી દ્વારા જિનમંદિરની વેદી–કળશ–ધ્વજ શુદ્ધિની વિધિ થઈ; તેમાં કેટલીક મુખ્ય વિધિ પૂજ્ય બેનશ્રી–બેનના સુહસ્તે થઈ હતી. આ પ્રસંગે ભક્તજનોનો મહાન આનંદ–ઉલ્લાસ, નાનકડા મંદિરમાં તો સમાતો ન હતો. અમરેલીનું જિનમંદિર બરાબર ટાવરની સામે, મુખ્ય બજારની મધ્યમાં એવું શોભી રહ્યું છે કે બજારમાં ઠેઠ ટાવર પાસેથી પણ પ્રભુના દર્શન થાય છે. જિનમંદિરની ઘણા વર્ષોની ભાવના ફળી તેથી અમરેલીના ભક્તજનો હર્ષ અને તૃપ્તિ અનુભવતા હતા. જિનમંદિર માટે તથા પ્રતિષ્ઠામહોત્સવ માટે ખાસ કરીને ભાઈશ્રી પ્રવીણભાઈ ડોકટર અને તેમના પરિવારે, તથા કમાણી પરિવારે અને ખારા કુટુંબના પરિવારે હર્ષોલ્લાસપૂર્વક ભાગ લીધો હતો. પ્રવીણભાઈ ડોકટરે તો ભરલત્તામાં આવેલું પોતાનું કિંમતી મકાન જિનમંદિર માટે અર્પણ કરી દીધું હતું. અહા, અમારું ઘર જિનેન્દ્રભગવાનનું ધામ બને –એના જેવું રૂડું શું! એમ ભક્તિભાવથી તેમણે પોતાનું મકાન વિનામૂલ્યે આપ્યું છે. અમરેલી પૂ. શ્રી શાંતાબેનનું ગામ હોવાથી, જિનેન્દ્રભક્તિની ઘણી તમન્નાપૂર્વક તેઓશ્રીએ જિનમંદિરના બધા કાર્યોમાં ઉલ્લાસપૂર્વક પ્રેરણા આપી હતી. તથા શેઠશ્રી નરભેરામભાઈ કામાણીએ સ્વહસ્તે આ જિનમંદિરનું શિલાન્યાસ કરીને જિનમંદિરના કાર્યમાં પ્રોત્સાહન આપ્યું હતું. આમ ગુરુદેવના પ્રભાવના યોગે ધર્મકાર્યમાં ચારે તરફથી સુયોગ બની ગયો હતો. ભરબજાર વચ્ચે રસ્તામાં ચાલતાં–ચાલતાં પણ જિનભગવાનના દર્શન થાય–એવી જિનમંદિરની રચના દેખીને હર્ષ થાય છે... કે "હરતાં ફરતાં પ્રગટ પ્રભુને દેખું રે...મારું જીવ્યું ધન્ય થયું લેખું રે." સાધકને

તો પોતાનું સાધ્ય સદાય નજરસમક્ષ જ હોયને! સાધકનું સાધ્ય એની દ્રષ્ટિથી કદી દૂર થાય નહીં...એના 'પ્રભુ' તો એને હાજરાહજુર જ હોય!



'વેદીશુદ્ધિ' થઈ ગઈ...ભૂમિકા શુદ્ધ થઈ ગઈ, હવે પ્રભુને પધારતાં શી વાર! ફાગણસુદ પાંચમની સવારમાં શાંતિનાથ પ્રભુ જિનધામમાં પધાર્યા; સાથે નેમનાથપ્રભુ પધાર્યા ને પારસપ્રભુ પણ પધાર્યા. વિદેહીનાથ સીમંધરભગવાન પણ પધાર્યા...અહા...પ્રભુ પધાર્યા! ભક્તોના આનંદોલ્લાસની શી વાત! ચારે કોર આનંદ–આનંદ છવાયો...ભક્તિના જયજય–નાદથી માત્ર જિનમંદિર જ નહિ પણ આખું અમરેલીશહેર ગાજી ઊઠયું...ગુરુદેવે પ્રભુજીની વેદીકાપર કેશરનાં મંગલ સ્વસ્તિક કર્યાં, કળશ અને ધ્વજ ઉપર પણ ગુરુદેવના સુહસ્તે સાથિયા પૂરાયા...પરમ ભક્તિભીના ચિત્તે ગુરુદેવ જિનેન્દ્રભગવંતોની પ્રતિષ્ઠા કરાવતા હતા, ત્યારે પૂ. બેનશ્રી–બેન પરમ ભક્તિથી જિનભગવંતોના સ્વાગત–ગીત ગવડાવતા હતા. મૂળનાયક શ્રી શાંતિનાથભગવાનની પ્રતિષ્ઠા શ્રી શેઠશ્રી નરભેરામ હંસરાજ કામાણી વતી તેમના સુપુત્ર શ્રી પ્રફુલ્લભાઈ એ કરી હતી; નેમનાથ ભગવાનની પ્રતિષ્ઠા ડો. પ્રવીણચંદ્ર દિનકરરાય દોશીએ કરી હતી; પાર્શ્વનાથપ્રભુની પ્રતિષ્ઠા સમરતબેન મૂળજીભાઈ ખારાના સુપુત્રોએ કરી હતી; અને સીમંધરપ્રભુની પ્રતિષ્ઠા પૂ. શાંતાબેનના ભાઈ શ્રી મુકુંદરાય મણિલાલ ખારાએ કરી હતી. જિનમંદિર ઉપર કળશ તથા ધ્વજારોહણ અનુક્રમે મંગળજી મૂળજીભાઈ ખારાએ, તથા લાભુબેન મોહનલાલ સુંદરજી પારેખે કર્યું હતું. આ ઉપરાંત કુંદકુંદાચાર્યદેવના ચરણપાદૂકાની સ્થાપના ભાઈશ્રી ગુણવંતરાય કપુરચંદ વોરાએ કરાવી હતી, અને સમયસાર–જિનવાણીની સ્થાપના ભાઈશ્રી નાનચંદ ભગવાનજી ખારાએ કરાવી હતી. આમ ઘણા આનંદોલ્લાસપૂર્વક અમરેલીમાં દેવ–ગુરુ–શાસ્ત્રની મંગલપ્રતિષ્ઠા થઈ હતી, ને અમરેલીના ભક્તો કૃતકૃત્ય થયા હતા. પ્રતિષ્ઠાવિધિ જયપુરના પંડિત શ્રી કેસરીચંદજીએ કરાવી હતી. તેઓ ઘણા વખતથી સોનગઢ રહીને ગુરુદેવના પ્રવચનોનો લાભ લ્યે છે.

પ્રતિષ્ઠા બાદ ગુરુદેવ સાથે સૌએ જિનભગવંતોનું પૂજન કર્યું હતું; બેનશ્રી–બેને

આનંદથી પૂજા કરાવી હતી. ભગવાનની પહેલી પૂજા ગુરુદેવ સાથે કરતાં ભક્તોનાં હૈડાં આનંદથી નાચી ઉઠયા હતા. શાંતિયજ્ઞ બાદ ઉત્સવની પૂર્ણતાના હર્ષોપલક્ષમાં જિનેન્દ્ર–ભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી. સોનગઢના રથમાં ચાંદીની ગંધકૂટીમાં ઊંચે–ઊંચે બિરાજમાન સીમંધરભગવાનને નીહાળીને અમરેલીની જનતા આશ્ચર્ય પામતી હતી...જિનેન્દ્રદેવના શાસનનો અદ્ભુત મહિમા દેખીને આનંદ થતો હતો...ને ભક્તજનો આનંદથી નાચી ઊઠતા હતા.

પ્રભુજીની પ્રતિષ્ઠાના હર્ષોપલક્ષમાં આજે નૌકારશી જમણ કરવામાં આવ્યું હતું. ગુરુદેવે અમરેલીમાં પાંચદિવસ સુધી જૈનશાસનમાં કહેલા આત્માનો અદ્ભુત મહિમા સંભળાવ્યો હતો. અહો, અચિંત્ય મહિમાવંત આવી આત્મવસ્તુ...કે જેની અનુભૂતિ વડે ભગવાન થવાય...એનું શ્રવણ આ કાળે મહાભાગ્યવંત મુમુક્ષુઓને નિરંતર શ્રીગુરુમુખે સાંભળવા મળી રહ્યું છે...હે મુમુક્ષુઓ! જિનમાર્ગમાં કહેલા આવા અદ્ભુત આત્મતત્ત્વને ઓળખવાનો આ અવસર છે...એવા આત્મતત્ત્વને પ્રસિદ્ધ કરતા કરતા ગુરુદેવ ગામેગામ વિચરી રહ્યા છે...તમે બહુમાનથી શ્રવણ કરીને આત્મતત્ત્વને લક્ષગત કરો.

(અમરેલીના ઉત્સવ બાદ ફાગણ સુદ છઠ્ઠની સવારમાં ભગવાનનાં દર્શન–ભક્તિ કરીને ગુરુદેવે અમરેલીથી આંકડિયા તરફ પ્રસ્થાન કર્યું.–કયું આંકડિયા?—આ ‘આત્મધર્મ’ નું જે જન્મધામ છે તે!)

## સ્વતત્ત્વમાં સૂનકાર નથી...તે તો આનંદથી ભરપૂર છે

જે તત્ત્વ જુદું છે તે તો જુદું જ છે, ચાહે અહીં હો, ચાહે બીજે હો, પણ જે જુદું છે તેમાં શું ફેર પડે છે? કંઈ પણ નહીં.

જે સ્વતત્ત્વ છે તે તો અહીં–તહીં સર્વત્ર સાથે જ છે. બસ, સ્વતત્ત્વના દેખનારને સર્વત્ર શાંતિ જ છે.

સ્વતત્ત્વ કેવું છે? કેટલું મોટું...ગંભીર અને શાંત છે તે દેખવાનું છે.

સ્વતત્ત્વ કદી પણ સૂનુંસૂનું નથી લાગતું. એ તો સદાય આનંદથી ભરપૂર છે. સ્વતત્ત્વને દેખનાર જીવ સર્વત્ર આનંદમાં રહી શકે છે.




- સુરતના ભાઈશ્રી શીરીષચંદ્ર મનહરલાલની અઢી વર્ષની બેબી હેમાકુમારી તા. ૨૬–૧–૭૨ ના રોજ ઘરઆંગણે રમતાં–રમતાં મોટર અકસ્માતમાં સ્વર્ગવાસ પામી ગયેલ છે.
- રાજકોટના દીપ્તિબેન પી. જૈન (પ્રતાપરાય પ્રભુદાસની સુપુત્રી) તા. ૧૦–૧–૭૨ ના રોજ મુંબઈ મુકામે અકસ્માત સ્વર્ગવાસ પામેલ છે. તેમની ઉંમર લગભગ આઠ વર્ષની હતી, હમણાં જ તેઓ બાલવિભાગના સભ્ય બન્યા હતા. (બાલવિભાગના સભ્ય આ સમાચાર વાંચો ત્યારે પાંચ નમસ્કારમંત્ર ગણજો.) ઉત્તમકૂળ ને આવો જૈનધર્મ પામવા છતાં બાલવયમાં જ અનેક જીવોનું આયુષ્ય પૂરું થઈ જાય છે; માટે આયુષ્યના ભરોસે ન રહેતાં, આજે જ જાગીને આત્મસાધના કરવા જેવું છે. આ અમૂલ્ય જીન્દગીમાં સોથી પહેલું અને સૌથી મુખ્ય કામ એ જ છે કે આત્માને ઓળખવો. ફરીફરીને જ્ઞાનીઓ કહે છે કે–

**‘હે! આત્મ તારો...આત્મ તારો, શીઘ્ર એને ઓળખો.**

- ગોંડલના પટેલ લીંબાભાઈ બેચરભાઈ (ઉ. વર્ષ ૮૬) તા. ૨૦–૧–૭૨ ના રોજ હૃદયરોગના હુમલાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ગોંડલના એક અગ્રણી મુમુક્ષુ હતા, ઘણા વર્ષોથી ગુરુદેવના સત્સંગનો લાભ લેવા અવારનવાર સોનગઢ આવતા હતા; ને ગોંડલ–જિનમંદિરના કાર્યોમાં પણ હંમેશાં ઉત્સાહથી ભાગ લેતા હતા.
- ધ્રાંગધ્રાવાળા ચંચળબેન મૂળજી ગાંધી (ઉ. વ. ૮૩) મહા સુદ પૂનમના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અનેક વર્ષોથી સોનગઢ કુંદકુંદમુમુક્ષુનિવાસની ચાલીમાં રહીને સત્સંગનો લાભ લેતા હતા; ને છેવટ સુધી ઉત્સાહથી તેમણે ધર્મચર્ચા સાંભળી હતી.
- પોરબંદરથી શેઠ નેમિદાસ ખુશાલદાસનો પત્ર છે, તેમાં લખે છે કે–થોડા દિવસ પહેલાં અમે સોનગઢ આવેલા ત્યારે મારી સાથે રજનીકાન્ત જગમોહન પણ હતા; અમે માગશર વદ ૧૧ તથા ૧૨ ના રોજ ગુરુદેવને આહારદાન કર્યું હતું. તે રજનીકાન્તના કુટુંબને છેલ્લા અઠવાડિયાથી મારે ત્યાં (પોરબંદરમાં ઘરે) રહેવા લાવેલ; ગઈકાલે (તા. ૨૭–૧–૭૨ ના રોજ) સવારે બધા સાથે ચાપાણી કરીને સંડાસ ગયા, ત્યાં જ તે રજનીકાન્તનું હાર્ટ બંધ થવાથી અવસાન થઈ ગયું. તેમની ઉંમર ૩૯ વર્ષની હતી; તેમને બીજી કોઈ બિમારી ન હતી.

ભાઈ! સંસારની તો આવી જ સ્થિતિ છે. એની ક્ષણભંગુરતાનો જો ખરોખરો કારમો ઘા લાગે તો–તો જીવ ક્ષણભંગુરતાથી પાછો વળીને શાશ્વત ચૈતન્યધામમાં આવી જાય! આવા પ્રસંગે માત્ર મોહને લીધે આઘાતથી વૈરાગ્ય થાય તે સાચો વૈરાગ્ય નથી; જેનાથી સાચો વૈરાગ્ય થાય તેનાથી તો પરિણતિ વિરક્ત થઈને પાછી વળી જાય.

- ભાઈશ્રી નાગરદાસ રામજીભાઈ ભાયાણી ઉ. વર્ષ ૮૨ (તેઓ શાંતિલાલ વગેરેના પિતાજી) તા. ૨૮–૧–૭૨ ના રોજ વિલેપાર્લા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ લાઠીના અગ્રગણ્ય મુમુક્ષુ હતા, ને લગભગ પચાસ વર્ષથી ગુરુદેવના પરિચયમાં આવ્યા હતા. ગત આસો માસમાં મુંબઈ મુકામે ગુરુદેવે તેમના ઘરે પધારીને દર્શન દીધા તેથી તેમને ઘણી પ્રસન્નતા થઈ હતી. સ્વર્ગવાસની આગલી રાતે તેમણે આખા ઘરને બેસાડીને માંગળિક સંભળાવ્યું હતું. તેઓ એક વાગ્યા સુધી વાતચીત કરતા હતા, તે પછી એકને દશ મિનિટે સ્વર્ગવાસ પામ્યા.

- વડદલાનિવાસી ચુનિલાલ લલ્લુભાઈ શેઠ (ઉ. વર્ષ ૯૦) તા. ૨૯–૧–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ સાથેના સંઘમાં તેમણે તીર્થયાત્રાઓ કરી હતી; અંતિમ ઘડી સુધી તેઓ પ્રેમપૂર્વક આત્મધર્મ વાંચતા હતા.

- લાઠીના ભાઈશ્રી પ્રેમચંદ પાનાચંદ ભાયાણી (ઉ. વર્ષ ૭૦) તા. ૫–૨–૭૨ ના રોજ ઘાટકોપર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ લાઠી મુમુક્ષુમંડળના અગ્રગણ્ય વડીલ હતા; લાંબા વખત સુધી સોનગઢ રહીને ગુરુદેવના સત્સંગનો લાભ લીધો હતો; ને ગુરુદેવ લાઠી પધારે ત્યારે લાભ લેવાની ઘણી હોંશ હતી.

- વાંકાનેરના ભાઈશ્રી વૃજલાલ કળશચંદના માતુશ્રી મહા સુદ ૧૨ની રાત્રે સ્વર્ગવાસ પામ્યા છે. સમ્યગ્દર્શન પુસ્તક ચોથું તેમને પ્રિય હતું. સ્વર્ગવાસની રાતે ‘આત્માધર્મ’ માંથી સમાધિમરણ ટાણે સાધકની શૂરવીરતાનું વર્ણન સાંભળીને પ્રસન્ન થયા હતા.

—સંસાર એટલે જ ક્ષણભંગુર ભાવોનો ભંડાર! આ ચૈતન્યતત્ત્વ જ એક એવું છે કે જે પોતાની ચૈતન્યસત્તાને કદી છોડતું નથી, સદાય ચૈતન્યભાવે જીવતું ને જીવતું જ રહે છે. અહા! આવું ચૈતન્યતત્ત્વ લક્ષગત કરે એને મરણ ક્યાંથી હોય? તેથી શ્રીગુરુ કહે છે કે હે ભાઈ! તારે જન્મ–મરણનાં દુઃખોથી બચવું હોય તો તારા મહાન ચૈતન્યતત્ત્વને લક્ષગત કરીને અનુભવમાં લે. એને અનુભવતાં જ પરમ આનંદથી તને એમ થશે કે **‘અબ હમ અમર ભયે ન મરેંગે.’**

## 卐 એક હતો વાંદરો...એક હતો સિંહ 卐

આ ચિત્ર સંબંધમાં બોધકથારૂપ લખાણ લખી મોકલવા પાઠકોને નિમંત્રણ આપેલું; તે અનુસાર મોટા નાના અનેક જિજ્ઞાસુઓએ ભેદજ્ઞાનપ્રેરક બોધકથા લખી મોકલી છે. પાઠકોમાં ભેદજ્ઞાનની આવી ઉત્તમ ભાવના દેખીને આત્મધર્મ ગૌરવ અનુભવે છે; આવા પાઠકોનો સમૂહ તે આત્મધર્મની શોભા છે. લેખ મોકલનાર સૌને ધન્યવાદપૂર્વક અહીં તેમનાં નામો આપ્યાં છે. તથા બધા લખાણોનું દોહન અહીં આપ્યું છે. દરેકને એક ભેટપુસ્તક મોકલાશે; તથા કોઈ પણ એક વ્યક્તિને ચંદ્રક માટેનું ઈનામ મોકલાશે.

| | |
|---|---|
| ૧. “રાજ હંસ” ભારતી (કાવ્ય) | ધ્રાંગધ્રા |
| ૨. વાસંતીબેન જૈન | દાદર,મુંબઈ |
| ૩. સુશીલાબેન જૈન | સાબલી |
| ૪. કૈલાસબેન જૈન | સાબલી |
| ૫. નિજાનંદ જૈન | દાદર, મુંબઈ |
| ૬. માત્રાભાઈ માસ્તર | ટાટમ |
| ૭. પાઠશાળાના બાળકો | કાનાતળાવ |
| ૮. ખુમાભાઈ પટેલ | ચોરીવાડ |
| ૯. એક ભાવિકબેન | રાજકોટ |
| ૧૦. દેવજીભાઈ ધારીઆ | મુંબઈ |
| ૧૧. મનસુખલાલ મોનજી ઉમરાળાવાળા | મુંબઈ |
| ૧૨. સમરતબેન જૈન | નાકોડા |
| ૧૩. હસમુખ જૈન | સુરેન્દ્રનગર |
| ૧૪. દયાળચંદ ગુલાબચંદ | થાનગઢ |
| ૧૫. પ્રવીણકાન્ત એમ. જૈન | ભાવનગર |
| ૧૬. મહેન્દ્ર કે. જૈન | દાહોદ |
| ૧૭. કોદરલાલ છગનલાલ | મુનાઈ |
| ૧૮. શારદાબેન ગુલાબચંદ | જામનગર |
| ૧૯. તરૂણાબેન જૈન | લીંબડી |
| ૨૦. ચારૂબાળા જૈન | મુંબઈ |
| ૨૧. રેણુકાબેન જૈન | વઢવાણ |
| ૨૨. કનકબાળા જૈન | જોરાવરનગર |
| ૨૩. વનિતાબેન ગુલાબચંદ | જામનગર |
| ૨૪. હસમુખ જે. જૈન | મદ્રાસ |
| ૨૫. રજનીકાંત મગનલાલ | સાબલી |
| ૨૬. પ્રકાશકુમાર મણિલાલ | સાબલી |
| ૨૭. ચંદ્રિકાબેન કાંતિલાલ | સાબલી |
| ૨૮. શોભનાબેન લાલચંદ | રાજકોટ |
| ૨૯. વીણાબેન જૈન | મલાડ,મુંબઈ |
| ૩૦. મનોરમાબેન એચ. જૈન | દાહોદ |
| ૩૧. એક મુમુક્ષુ | સાબલી |
| ૩૨. હરીશકુમાર શાંતિલાલ | જામનગર |
| ૩૩. નવીનીલકુમાર પી. જૈન | સાબલી |
| ૩૪. દેવચંદ કલ્યાણજી | મુંબઈ |
| ૩૫. મોહનલાલ હરખચંદ | ધ્રાફા |
| ૩૬. હરિસિંગજી દરબાર | સરવાળ |
| ૩૭. સૌ. ભાનુબેન પારેખ | રાજકોટ |
| ૩૮. સત્યદેવ જૈન | ભાદ્રોડ |
| ૩૯. નંદાણી સ્ટોર્સ | રાજકોટ |

# સુખ સંસારી પરછાયા જેવું

(વાંદરાની છાયા અને સિંહના ચિત્ર ઉપરથી આ કાવ્ય
ધાંગધ્રાના કવિશ્રી ‘રાજહંસ’–ભારતીએ મોકલ્યું છે.)

(રાગ : શામ કલ્યાણ)

સુખ સંસારી પરછાયા જેવું,
જીવ સમજે ના ઝાંવા મારે;
વાનર-છાયા સિંહે દેખી,
પકડી ખાવા વલખા મારે...સુખ સંસારી૦
ભેદ જ્ઞાનનાં જીવ અભાવે,
ભેદ ન સમજે વાનર ને છાયામાં;
સ્વાદ મલે ના શાશ્વત સુખનો,
મન માન્યાં સંસારી સુખમાં...સુખ સંસારી૦
ઝાંવા મારતા સિંહને દેખી,
વૃક્ષે વાનર બેઠો બતાવે;
ઝળહળતો અવકાશી સૂરજ,
“જીવસ્વરૂપ તારું આવું છે”-સુખ સંસારી૦
“ભેદજ્ઞાન હીન સુખ સૌ મિથ્યા,
ભેદજ્ઞાનથી સુખરૂપ તું પ્રકાશે;
તારું સુખ ના તુંથી અળગું”
સિંહને વાનર આ પાઠ ભણાવે...સુખ સંસારી૦
ભેદજ્ઞાન વિણ સંસાર તુટે ના,
ભેદજ્ઞાન વિણ મુક્તિ મળે ના;
“રાજહંસ” કરો ભેદજ્ઞાનને,
ગુરુ કાન ચરણ સેવી જીવનમાં...સુખ સંસારી૦

# એક હતો સિંહ...એક હતો વાંદરો

## ( ચિત્ર ઉપરથી લખાયેલ ૩૯ બોધકથાઓનું દોહન )

અગાઉના જમાનાની વાત છે. એક સુંદર જંગલ હતું. જંગલમાં અનેક પશુઓ રહેતા હતા. સિંહ ને હાથી રહે, હરણ રહે ને વાંદરા રહે, સર્પ રહે ને સસલાં પણ રહે.

એક ઝાડ ઉપર બે વાંદરા રહેતા હતા. એક વાંદરો યુવાન હતો; બીજો વાંદરો બુઢ્ઢો હતો. તે જંગલમાં એક ભૂખ્યો સિંહ શિકારને શોધતો હતો. ફરતાં–ફરતાં તે આ ઝાડ પાસે આવ્યો. ઝાડ ઉપર બે વાંદરા જોયા. હવે ઝાડ ઉપર તો સિંહથી પહોંચી શકાય તેમ ન હતું. પણ બુદ્ધિમાન સિંહે વાંદરાને પકડવાની એક યુક્તિ શોધી કાઢી.

ઉનાળાની ભરબપોર હતી. ઝાડ ઉપરના વાંદરાનો પડછાયો નીચે પડતો હતો. સિંહે જોયું કે બૂઢ્ઢો વાંદરો છાયાની ચેષ્ટાને જ પોતાની માની રહ્યો છે; એટલે સિંહે તો વાંદરા સામે નજર કરીને એક ગર્જના કરી અને તેના પડછાયા ઉપર જોરથી પંજો માર્યો.

“હાય! હાય! સિંહે મને પકડયો” એમ સમજીને તે મૂરખ બુઢ્ઢો વાંદરો તો ભયથી ચીચીયારી પાડતો નીચે પડયો...ને સિંહના પંજામાં પકડાઈને મરણ પામ્યો. પણ બીજો જુવાન વાંદરો તો ઊંચા ઝાડ ઉપર નિર્ભયપણે બેસી રહ્યો...ને ત્યાં બેઠા–બેઠા સિંહની ચેષ્ટા તેણે જોયા કરી.

તે યુવાન વાંદરાએ વિચાર કર્યો કે બીજો વાંદરો નીચે પડીને કેમ મરી ગયો? ને હું કેમ ન મર્યો?

વિચાર કરતાં તેણે શોધી કાઢયું કે હા, બરાબર! તે વૃદ્ધ વાંદરે નીચેની છાયાને પોતાની માની, એટલે છાયા પર સિંહનો પંજો પડતાં જ તે અજ્ઞાનથી ભયભીત થઈને નીચે પડયો ને સિંહનો શિકાર બનીને મર્યો. મેં છાયાને પોતાની ન માની, તેથી હું મરણથી બચી ગયો.

હવે તે યુવાન વાંદરાને એમ થયું કે સિંહે મારા દાદાને (વૃદ્ધ વાંદરાને) મૂર્ખ બનાવ્યો, તો હું પણ તેને તેની મૂર્ખતા બતાવીને બોધ આપું કે સિંહ કાકા! તમે પણ એવી જ મૂર્ખાઈ કરી રહ્યા છો.

એકવાર તેણે તે સિંહને જઈને કહ્યું કે હે સિંહ કાકા! તમે તો આ વનના રાજા છો. પણ બીજો એક સિંહ આવ્યો છે, તે કહે છે કે વનના રાજા તમે નહિ પણ

હું છું. ત્યારે તે સિંહે ક્રોધથી કહ્યું–અરે, મારી સત્તાની ના પાડનાર વળી બીજો સિંહ કેવો ? ચાલ, બતાવ ! એ ક્યાં રહે છે ? એટલે એની ખબર લઉં !

ત્યારે વાંદરાએ કહ્યું–કાકા, સામેના કુવામાં તે સિંહ રહે છે. બસ, સિંહ તો દોડયો ને કુવામાં જોયું તો પોતાના જેવો સિંહ દેખાયો; હતી તો તે પોતાની જ છાયા, એ કાંઈ સાચો સિંહ ન હતો, પણ મૂરખો તેને જ બીજો સાચો સિંહ સમજીને, ક્રોધથી અંધ થઈને, તેને મારવા કુવામાં પડયો—ને અંતે કુવામાં ડુબી મર્યો.

આ રીતે સિંહ અને વાંદરાની જેમ અજ્ઞાનથી જીવો સંસારમાં જન્મ–મરણ કર્યાં કરે છે.—પણ જો સાચું જ્ઞાન કરે, ને છાયાથી જુદું પોતાનું સ્વરૂપ જાણે તો તેને જન્મ–મરણ થાય નહિ.



હવે એકવાર એવું બન્યું કે પહેલાંની જેમ જ તે વનમાં ઝાડ પર વાંદરો બેઠો હતો ને ભૂખ્યો સિંહ આવ્યો. સિંહને એમ થયું કે નીચે જે છાયા હાલતી–ચાલતી દેખાય છે તે જ વાંદરો છે. એટલે તેણે તો તે પડછાયા ઉપર પંજા મારવા માંડયા ! પંજા મારી–મારીને થાકયો, પણ તે સિંહના હાથમાં તો કાંઈ ન આવ્યું. જેમ વિષયોમાં ઝાંવા મારી મારીને થાકે તોપણ જીવને જરાય સુખ મળતું નથી તેમ સિંહે ઘણાં ઝાંવા માર્યા પણ તેના હાથમાં કાંઈ ન આવ્યું. ત્યારે ઝાડ ઉપર બેઠેલા વાંદરાએ કહ્યું કે અરે, સિંહરાજ ! જેમ અત્યારે તમે મૂર્ખાઈ કરી રહ્યા છો તેમ પૂર્વે તમારા દાદાએ પણ એવી મૂર્ખાઈ કરીને પ્રાણ ખોયા હતા, જેમ તમે

મારી છાયાને જ વાંદરો સમજીને તેના ઉપર પંજો મારી રહ્યા છો તેમ પૂર્વે તમારા એક સિંહદાદાએ કુવામાં પોતાની છાયા દેખીને તેને જ સાચો સિંહ માની લીધો ને તેની સાથે લડવા કુવામાં ઝંપલાવીને ડુબી મર્યા.

સિંહ કહે : અરે વાંદરાજી! જેમ મારા દાદાએ ભૂલ કરી હતી તેમ તારા દાદાએ પણ ભૂલ કરી હતી. એકવાર તારા એક વાંદરાદાદા ઝાડ ઉપર બેઠા હતા ને નીચે તેની છાયા પર સિંહે પંજો માર્યો, ત્યાં તો ઉપરનો વાંદરો ધ્રૂજી ઊઠયો, ને 'સિંહ મને મારી નાંખશે' એવા ભયથી નીચે પડયો. એમ તું પણ હમણાં નીચે પડવાનો છો.

વાંદરાએ હસીને કહ્યું—અરે સિંહમામા! એ જમાના ગયા. હવે તો ભેદજ્ઞાનના જમાના આવ્યા છે. પડછાયાને પોતાનો માનવાના જમાના વીતી ગયા. તમને ખબર નહિ હોય કે હું સોનગઢના આંબાવનમાં રહી આવ્યો છું. એ સોનગઢમાં એક મહાત્માના પ્રતાપે ભેદજ્ઞાનના વાયરા વાઈ રહ્યા છે; ત્યાંના મનુષ્યો તો જડ–ચેતનનું ભેદજ્ઞાન કરનારા છે, ને તે દેખીને મારા જેવા વાંદરાને પણ દેહને આત્માની ભિન્નતાની ભાવના જાગી છે. હવે, છાયાને પોતાનું રૂપ માનીને પ્રાણ ગુમાવવાના મૂર્ખાઈના જમાના ગયા. તમે તમારે છાયા ઉપર ગમે તેટલા પંજા મારોને, હું તો છાયાથી જુદો નિર્ભયપણે મારા સ્થાને બેઠો છું.

વાંદરાની વાત સાંભળીને સિંહમામા સમજી ગયા કે અહીં મારું કાંઈ ચાલવાનું નથી. ઊલટું વાંદરાની બુદ્ધિ પ્રત્યે તેને બહુમાન જાગ્યું કે વાહ! દેહ અને છાયાની ભિન્નતાના ભાનથી આ વાંદરાને કેવી નિર્ભયતા છે! તો પછી, દેહ અને આત્માની ભિન્નતા જાણવાથી તો કેવી નિર્ભયતા થાય! આમ સિંહને વિચારવાનું પરિવર્તન થયું.

સિંહે પોતાના વિચાર વાંદરાને જણાવ્યા. વાંદરાએ કહ્યું—મામા! તમારી વાત તદ્દન સાચી છે. દેહ અને આત્માની ભિન્નતા જાણતાં, આ સિંહની તો શી વાત! –પરંતુ કાળરૂપી સિંહનો પણ ભય રહેતો નથી; કાળરૂપી સિંહ આવે કે મૃત્યુ આવે, તોપણ તેને પાછો વાળી દે કે અરે કાળ! તું ચાલ્યો જા...મારી પાસે તારું જોર નહિ ચાલે; તારો પંજો મારા ઉપર નહિ ચાલે, કેમકે હું કાંઈ દેહ નથી, હું તો અવિનાશી આતમરામ છું; મૃત્યુરૂપી સિંહ મને મારી શકે નહીં.

હે સિંહમામા! આવા સરસ ભેદજ્ઞાનની વાત સાંભળીને હવે તમે હિંસાના ક્રૂરભાવ છોડો ને આત્માના પરમ શાંતભાવને ધારણ કરો. તમારા વંશમાં પૂર્વે એક

સિંહે મુનિરાજના ઉપદેશથી આવું ભેદજ્ઞાન કર્યું હતું ને પછી તે ભરતક્ષેત્રમાં તીર્થંકર થયા હતા. વળી ઋષભદેવ પ્રભુએ પૂર્વભવમાં જ્યારે મુનિએ આહારદાન દીધું ત્યારે પણ એક સિંહ અને વાંદરાએ એક સાથે અનુમોદના કરી હતી, સાથે બેસીને ઉપદેશ સાંભળ્યો હતો; ને અંતે તેઓ બંને ઋષભદેવ ભગવાનના પુત્રો થઈને મોક્ષમાં ગયા. આપણે પણ હવે મિત્રપણે સાથે રહેશું ને ભેદજ્ઞાન કરીને ભગવાન થઈશું.

વાંદરાની વાત સાંભળીને સિંહે હિંસકભાવ છોડી દીધા, શાંતભાવ પ્રગટ કરીને ભેદજ્ઞાન કર્યું; અને તે સિંહ તથા વાંદરો એકબીજાના સાધર્મી–મિત્રો બની ગયા.

**ધન્ય તે સિંહ! ધન્ય તે વાંદરો!**

(નાનકડા બંધુઓ, તમે આ સિંહ અને વાંદરાની વાર્તામાંથી ભેદજ્ઞાનનો ઉત્તમ બોધ ગ્રહણ કરજો. શરીર અને આત્મા જુદા છે—એવી સમજણ કરજો.)

(વિશેષ આવતા અંકે)

## “અહો, મને રત્ન મળ્યું !”

વીતરાગવાણીરૂપી સમુદ્રના મંથનથી જેણે શુદ્ધચિદ્રુપ–રત્ન પ્રાપ્ત કર્યું છે એવો મુમુક્ષુ ચૈતન્યપ્રાપ્તિના પરમ ઉલ્લાસથી કહે છે કે અહો! મને સર્વોત્કૃષ્ટ ચૈતન્યરત્ન મળ્યું, સર્વજ્ઞ ભગવાનની વાણીરૂપી શ્રુતસમુદ્રનું મંથન કરી–કરીને, કોઈપણ પ્રકારે વિધીથી મેં, પૂર્વે કદી નહીં પ્રાપ્ત કરેલું અને પરમપ્રિય એવું શુદ્ધ ચૈતન્યરત્ન પ્રાપ્ત કરી લીધું છે. ચૈતન્યરત્નની પ્રાપ્તિથી મારી મતિ સ્વચ્છ થઈ ગઈ છે; તેથી મારા ચૈતન્ય સિવાય અન્ય કોઈ દ્રવ્ય મને મારું ભાસતું નથી. આ ચૈતન્યરત્નને જાણી લીધા પછી હવે જગતમાં મારા ચૈતન્યરત્નથી ઊંચો બીજો કોઈ એવો પદાર્થ નથી કે જે મારે માટે જ્ઞેય હોય–દ્રશ્ય હોય કે ગમ્ય હોય. જગતમાં ચૈતન્યથી અન્ય બીજું કોઈ કાર્ય નથી, બીજું કોઈ વાચ્ય નથી, બીજું કોઈ ધ્યેય નથી, બીજું કાંઈ શ્રવણયોગ્ય નથી, બીજું કાંઈ પ્રાપ્ત કરવા જેવું નથી, બીજું કોઈ શ્રેય નથી, બીજું કોઈ આદેય નથી.

વાહ, કેવું અદ્‌ભુત છે મારું ચૈતન્યરત્ન!

**(રત્નસંગ્રહમાંથી)**



અમરેલીના જિનમંદિરમાં બિરાજમાન શાંતિનાથ, પાર્શ્વનાથ, નેમનાથ ભગવંતોની પંચકલ્યાણકવિધિ અગાઉ આંકડિયામાં તથા ભાવનગરમાં થઈ હતી. ભાવનગરમાં ગુરુ કહાન ભક્તિપૂર્વક ભગવાન નેમનાથાદિ ભગવંતોની પ્રતિમા ઉપર અંકન્યાસ વિધાન કરી રહ્યા છે તેનું મંગલ દૃશ્ય.

## 卐 પૂ. ગુરુદેવના વિહારનો કાર્યક્રમ 卐

[ મહા વદ ૧૩ શનિવાર તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ સોનગઢથી મંગલપ્રસ્થાન ]

ગોંડલ તા. ૨૮–૨૯
રાજકોટ માર્ચ તા. ૧ થી ૧૫ ( ફાગણ વદ ૨ થી અમાસ )
મોરબી તા. ૧૬ થી ૧૯ ( ચૈત્ર સુદ બીજ તા. ૧૭ મીએ જિનમંદિરની વર્ષગાંઠ )
જામનગર તા. ૨૦ થી ૨૩
વાંકાનેર તા. ૨૪ થી ૨૭ ( ચૈ. સુદ તેરસ તા. ૨૭ મીએ મહાવીરજયંતિ તથા જિનમંદિરની વર્ષગાંઠ )
સુરેન્દ્રનગર તા. ૨૮ થી ૩૦
જોરાવરનગર તા. ૩૧ માર્ચ તથા ૧ એપ્રિલ
લીંબડી એપ્રિલ તા. ૨–૩–૪
વઢવાણ તા. ૫–૬–૭ ( ચૈત્ર વદ આઠમે જિનમંદિરની વર્ષગાંઠ )
અમદાવાદ તા. ૮ થી ૧૩
પાલેજ તા. ૧૪–૧૫ અધિક વૈ. સુદ ૧–૨
અમદાવાદ તા. ૧૬
દહેગામ તા. ૧૭–૧૮; રખિયાલ તા. ૧૯–૨૦
તલોદ તા. ૨૧–૨૨ એપ્રિલ; સોનાસણ તા. ૨૩ રવિવાર.
ઝીંઝવા તા. ૨૪; હિંમતનગર તા. ૨૫–૨૬, નવા તા. ૨૭
ચોરીવાડ તા. ૨૮–૨૯
રણાસણ તા. ૩૦ એપ્રિલ તથા પહેલી મે.
ફત્તેપુર મે. તા. ૨ થી ૧૬ ( પ્રથમ વૈશાખ વદ ૪ થી દ્વિતીય વૈશાખ સુદ ૪ સુધી ) ( વૈશાખ સુદ ત્રીજે પંચકલ્યાણક–મહોત્સવ પૂર્વક વેદી–પ્રતિષ્ઠા )
બામણવાડા તા. ૧૭–૧૮ ( સુ. ૫ રામપુરા–સુ. ૬ બામણવાડા–વેદીપ્રતિષ્ઠા )
ઉદેપુર તા. ૧૯ થી ૨૨ ( સ્વાધ્યાયભવન ઉદ્‌ઘાટન )
કુરાવડ તા. ૨૩–૨૪ ( સ્વાધ્યાયભવન ઉદ્‌ઘાટન )
મંદસોર તા. ૨૫ થી ૨૮
પ્રતાપગઢ તા. ૨૯ થી ૧ જૂન
રતલામ તા. ૨–૩
ઈન્દોર તા. ૪–૫–૬–૭
મુંબઈ તા. ૮
ભાવનગર તા. ૯–૧૦–૧૧–૧૨
સોનગઢ તા. ૧૩ જૂન મંગળવાર

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૩૦૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) ફાગણ : ( ૩૪૧ )